
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ આત્મોપદેશ પદ. ... ... ... ... ... ... ૫૩
૨ ધર્મસાગર ઉપાધ્યાય રાસ. સં૦ મોહનલાલ દલીચંદ દેશાઇ... ... ૫૪
૩ અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. ... આત્મવલ્લભ. ... ... ... ૬૦
૪ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ. ... ૬૪
૫ ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકતો. મુનિશ્રી જયંતવિજયજી. ... ૬૭
૬ શ્રી મહાવીર સ્વામી ભગવાનના વિહારની યાદી. ,, ... ૭૦
૭ શુદ્ધ દેવગુરૂની યોગ્ય ઉપાસના વિધિ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ૭૧
૮ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. વિઠ્ઠલદાસ મૂ૦ શાહ. ... ... ૭૪
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૭૯
૧૦ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૮૦



## "અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું."

૧ વૃહતકલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.
૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

### ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

૧ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. ) પ્રેસમાં છે.
૨ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર. ( લખાય છે ).

નં. ૧ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છાપ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.


## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

આ સભા તરફથી છત્રીસ વર્ષથી પ્રકટ થતાં સંખ્યાબંધ પુસ્તકો લાઇફ મેમ્બરોને ભેટ અપાય છે, અપાયા છે, પરંતુ જે જે લાઇફ મેમ્બર બંધુઓને કોઇ પણ વર્ષના કોઇ પણ પુસ્તકો ભેટના ન મળ્યા હોય તેમણે ત્રણ માપ સુધી ( કારતક માસની આખર સુધી ) માં અમોને કયા પુસ્તકો ભેટ મળ્યા નથી, ( પુસ્તકોની નોંધ અત્યાર સુધીના છપાયેલા રીપોર્ટ અને માસિકના ટાઇટલ પેજ પર હોય છે ) તે તપાસી લખી જણાવવું, જેથી તેનો યોગ્ય પ્રબંધ થશે. કેટલાક પુસ્તકો સીલીકે જુજ રહેલા હોવાથી ઉપરની મુદત વીતે કોઇ પણ પુસ્તક લાઇફ મેમ્બર તે ભેટ મંગાવશે તો સભા આપી શકશે નહિ.

સેક્રેટરીઓ.

ભાવનગર ધી "આનંદ" પ્રિન્ટિંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. બીજો વિભાગ તૈયાર છે.

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## द्वितीय अंशः

( धम्मिल्लहिण्डिगर्भितः—परिशिष्ट छ सहित. )

સંપાદકો તથા સંશોધકો–આચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી શિષ્યરત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રીચતુરવિજયજી મહારાજતથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

ચાર ચાર વર્ષ સુધી અથાગ પરિશ્રમ કરી, અનેક ભંડારોની પ્રતો મેળવી, પ્રેસકોપીની સાથે રાખી તપાસી, તેનું સંશોધન કરી આપવાથી ઉપરોક્ત મુનિરાજોની સાહિત્યસેવા અને જ્ઞાનભક્તિના ફળ રૂપે આ ગ્રંથના પ્રથમ ખંડનો બીજો અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. પ્રથમ ખંડના છ પરિશિષ્ટો સાથેનો આ બીજો ભાગ એટલે ઉપલબ્ધ આ ગ્રંથનો પ્રાપ્ત થતો અપૂર્ણ પ્રથમ ખંડ પર્યંતનો અંશ મૂળ પ્રાકૃત ભાષામાં આ પ્રકટ કરવામાં આવેલ છે. આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. **આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે.** અનેક પૂજાઓમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષી અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈન ધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિમહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. તેનો યશ **સંપાદક મહાત્માઓ** તથા **સહાયદાતા** બંધુઓને જ ઘટે છે. ગયા વર્ષના માગશર માસના આત્માનંદ પ્રકાશ માસિકના ટાઈટલમાં જણાવ્યા મુજબ માત્ર જ્ઞાનભંડારો તથા તેના ખપી મુનિ મહારાજાઓના ઉપયોગ માટે જ, આર્થિક સહાય આપનાર બંધુઓની ઇચ્છા મુજબ આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. આ બીજો વિભાગ ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં આ ગ્રંથ માટે ખાસ ટાઇપો તૈયાર કરાવી, સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો (અક્ષરો) માં છપાવેલ છે. પ્રથમ ગ્રાહકો કેટલાક થયેલા છે, થોડી નકલો બાકી છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, સુકૃતની લક્ષ્મીનો વ્યય અને મનુષ્ય જન્મનું સાર્થક કરવાની ઈચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે. મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्याद्वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् । मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ॥ — no.

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५७. आश्विन. आत्म सं. ३६. { अंक ३ जो.

## આત્મોપદેશ—પદ.

( રાગ ગુર્જરી. )

તેં તેરે રૂપકો પાયો રે સુજ્ઞાની, તેં તેરે૦

સુગુરૂ સુદેવ સુધર્મ રસભીનો, મિથ્યામત છટકાયા રે. સુજ્ઞાની૦ ૧

ધાર મહાવ્રત સમ રસ લીનો, સુમતિ ગુપ્તિ સુભાયા રે. સુજ્ઞાની૦ ૨

ઇંદ્રિય મન ચંચલ વસ કીને, જીત્યો મદન કુરાયા રે. સુજ્ઞાની૦ ૩

સ્યાદ્વાદ અમૃત રસ પીનો, ભૂલે નાહિ ભૂલાયા રે. સુજ્ઞાની૦ ૪

નિશ્ચય વ્યવહારે પંથ ચાલ્યો, દુર્નયપંથ મિટાયા રે. સુજ્ઞાની૦ ૫

અંતર નિશ્ચય બહિ વ્યવહારે, વીરજીનંદ સુનાયા રે. સુજ્ઞાની૦ ૬

આતમાનંદી અજર અમર તૂં, સતચિદ આનંદ રાયા રે. સુજ્ઞાની૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મસાગર ઉપાધ્યાય રાસ.

[ સંગ્રાહક અને સંશોધક મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ–મુંબઇ. ]

૧ આ રાસની અંતની કડીઓ ન પ્રાપ્ત થવાથી કર્ત્તાનું નામ, રચના-સંવત અને રચના સ્થાન સંબંધી કહી શકાય તેમ નથી. પહેલાં એક ફાટેલ પાનું ૭ ના આંકવાળું મુનિ જશવિજયને મળેલું હતું, પછી તેમણે જણાવ્યું કે તેની પ્રત પૂજ્યપાદ પ્રવર્ત્તક શ્રીમાન્ કાન્તિવિજય પાસે છે એટલે તેમને વિજ્ઞપ્તિ કરતાં છ પાનાંની પ્રત પોતાની પાસેની હતી તે સારા સાથ જોગ બીજી પ્રતો સાથે મોકલાવી આપી. તે જોતાં તે અધૂરી નીકળી ને તેનું અનુસંધાન જશવિજય મુનિશ્રીનું ઉપરનું સાતમું પાનું નીકળ્યું. હવે તે પછીનું નથી મળતું તો તેની શોધમાં કાળનો વિલંબ ન કરતાં જે છે તે ઉતારી અત્ર મૂકેલ છે. પ્રતમાં જેમ જેમ આગળ વધતા જઇએ તેમ તેમ અશુદ્ધિ ઘણી મળે છે ને તેથી પ્રશ્નાર્થક ચિહ્ન મૂકવાં પડયાં છે. ઉતારવામાં શબ્દભેદ–વ્યવચ્છેદ પર ખૂબ કાળજી રાખી છે.

૨ આ જે નાયકનો રાસ છે તે મહાસમર્થ વિદ્વાન્ હતા; પરંતુ ચુસ્તતા-કટ્ટરતા એટલી બધી હતી કે તેને ઉપશાંત કરવામાં આવે તો પછી લાગ આવ્યે પુનઃ ભભૂકી નીકળતી. આના છાંટા એક ગચ્છ અને બીજા ગચ્છ વચ્ચે જ નહિ પરન્તુ તપાગચ્છના એક જ આચાર્યની શિષ્યપરંપરામાં પણ વિરોધરૂપે ઘણા ઉડયા કે જેના લીસોટા તે ગચ્છના શરીર પર હજુ ઉઝરડારૂપે જોવામાં આવે છે. તે નાયકનું નામ ધર્મસાગર ઉપાધ્યાય છે. તેના સંબંધી આમાં મુખ્ય ઐતિહાસિક બિના છે. તે અત્ર સારરૂપે ટુંકમાં જોઇએ:

૩ ગર્જરદેશમાં લાડોલિ નામની નયરી છે ( તે હાલ મારવાડમાં લાડોલ છે તે જ હશે. પહેલાં તે ગૂર્જરમંડલમાં ગણાતું હશે. તેનો ઉલ્લેખ વિજય-પ્રશસ્તિ મહાકાવ્યમાં સર્ગ ૧૬ ના શ્લોક ૩૫–૩૬ માં છે. ત્યાં સંસ્કૃતમાં લાટાપલ્લિપુરી એ નામ આપેલ છે. ) ત્યાં ઓસ(વાલ) વણિક શંકાશાહને ત્યાં અરખાઇ ( અખાઇ ) નામની પત્નિથી સં. ૧૫૭૯ ના માઘ માસની શુકલ છઠ ને રવિવારને દિને જન્મ પામેલા પુત્રનું નામ ધનજી આપ્યું. પાંચમે વર્ષે નિશાળમાં જઈ અભ્યાસ કર્યા પછી યૌવન પ્રાપ્ત થતાં મહેસાણે મોસાળ દાદા વરસિંગે બોલાવવાથી તેને ત્યાં તે ધનજી અને ( તેના લઘુ ભાઈ ) વનજી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ધનજીને માટે કન્યા આપવા કેટલાક તૈયાર થયા હતા તેટલામાં ત્યાં પંડિત જીવરાજ શ્રીપૂજ્ય ( વિજયદાનસૂરિ ) ના આદેશને માન આપી ચોમાસું રહ્યા હતા. તેમનો ઉપદેશ સાંભળી સંસારનું સ્વરૂપ અસ્થિર જાણી વૈરાગ્ય થયો. માતા મહેસાણે હતા, તેણીને સંયમ લેવાની પોતાની ઇચ્છા જણાવી. માએ આંસું પાડતાં નયને ગોધાશાહ પાસે આથી થતું દુઃખ જણાવ્યું. તેણે એમ જણાવ્યું કે એવો ઉપાય કરવો કે આખા કુટુંબને હર્ષ થાય. આખરે બંને ભાઇઓ અને માતા એ ત્રણેએ એકીસાથે જીવરાજ પંડિત પાસે દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો.

૫ એવે વખતે ત્યાં વિસલનયરથી વિદ્યાસાગર વાચક આવ્યા કે જેમણે દીક્ષાનું મુહૂર્ત્ત કાઢી આપ્યું અને સં. ૧૫૯૫ના માહ શુદ ૧૦ ને દિને ત્રણેએ દીક્ષા લીધી. દીક્ષા મહોત્સવ દબદબાથી—ગાજતે વાજતે થયા પછી તેમણે જીવરાજ પંડિત પાસે દીક્ષા લીધી. બંને ભાઇનાં નામ અનુક્રમે **ધર્મસાગર** અને **વિમલસાગર** આપવામાં આવ્યાં.

૬ ગુરૂ જીવરાજ પંડિતે અભ્યાસ માટે ધર્મસાગર શિષ્યને વિજયદાન-સૂરિ પાસે મોકલ્યા. તે સૂરિ તેની ઘણી બુદ્ધિ જોઇ હમેશાં શાસ્ત્ર ભણાવતા. પોતાના બે શિષ્ય નામે હીરહર્ષ ( પછી થયેલ હીરવિજયસૂરિ ) અને ધર્મ-સાગર બંનેએ જૈનશાસ્ત્ર ભણી લીધા પછી આચાર્યશ્રીએ શાસન માટે યોગ્ય જાણીને બંનેને દેવગિરિ ( દોલતાબાદ કે જે ઔરંગાબાદ પાસે આવેલ છે તે ) મોકલ્યા.

૭ તે બંનેને દેવગિરિ આવતાં જાણી ત્યાંના [1]ચાંદસિંહ નામના વણિક—શ્રાવકને તથા તેની ગૃહિણી જસમાઇને બહુ આનંદ થયો કે ગુરૂની કૃપા—લાભ આ રીતે પામ્યા. બંને મુનિઓ ત્યાં પહોંચી ગયા.

૮ શાહ ચાંદસીએ અનેક ભટ્ટ ( બ્રાહ્મણ પંડિત )ને એકઠા કર્યા અને તેમાં વિશ્વનાથ નામનો વિદ્યામાં અગ્રપદ ધરાવતો જણાતાં તેને ચાંદસીહે જ-ણાવ્યું કે જો આ બંને સાધુઓને શાસ્ત્ર ભણાવો તો મોંએ માગો તેટલું ધન આપું. જસમાદે પણ પોતાના પતિ ચાંદસીહને આ કાર્યમાં હમેશાં મદદ કરતી હતી. બંને સાધુ સારી રીતે શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા. ( હી. સૌ. સર્ગ ૬, શ્લો. ૪૯ ) બે વર્ષમાં અભ્યાસ પૂરો કરી ત્યાંના દશ બ્રાહ્મણ પંડિતોમાં નામ કાઢયું ને દેવગિરિમાં તેમનો જયવાદ થયો. ૬૦-૬૪

૧ હીરસૌભાગ્યમાં આને બદલે દેવસી ( દેવસિંહ ) નામ છે ને તે ખરૂં લાગે છે. અત્ર લહીઆની ભૂલ લાગે છે. જુઓ સર્ગ ૬, શ્લોક ૩૯-૪૦. ત્યાં શ્લોક ૪૨ માં તેની પત્નિનું નામ જસમાદેવી આપ્યું છે તે આ જસમાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ પછી ત્યાંથી અંતરીક્ષ પાર્શ્વનાથને જુહારીને ગુરૂશ્રી (વિજયદાનસૂરિ) નાં ચરણે આવી વંદન કર્યું ને ગુરૂએ નાડલાઇમાં બંનેને 'પંડિત' પદ આપ્યું (સં. ૧૬૦૭). પછી મેડતામાં ચોમાસું કરવા વિજયદાનસૂરિએ મોકલ્યા. ત્યાં તેઓ ચોમાસું કરી સૂરિને વાંદવા આવ્યા. સૂરિએ બંને ઋષિને મોટા મુનિ જાણી (કોને આચાર્યપદનો કલશ ચડાવવો એ માટે) કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. મોટાં પાત્ર ને ફૂલ (કુલ) મૂકયાં. ધ્યાનમાં જણાયું કે હીરહર્ષ પર અતિ મૂલ્યવાન બે ફૂલ જોયાં અને ધર્મસાગર અને રાજવિમલના માથે એક એક ફૂલ જોયું. એ પરથી એ ત્રણે ઉપાધ્યાયના પદને યોગ્ય છે એમ જાણી આદીશ્વરના મંદિરમાં તે ત્રણેને 'ઉપાધ્યાય' પદ આપ્યું (સં. ૧૬૦૮ માઘ શુદ ૫—હીરસૌભાગ્ય સર્ગ ૬, શ્લો૦ ૭૬) અને તેનો મહોત્સવ નાંડુલાઇના સંઘે કર્યો. ૬૫-૭૧

૧૦ શ્રીપૂજ્યનો આદેશ લઇ ગુરૂ (ધર્મસાગર) ગામોગામ વિચરી શ્રાવકોનું સમ્યકત્વ અજવાળતા હતા અને કુમતિમાંથી લોકને વારતા હતા. વિજયદાનસૂરિશ્રી વિચરતાં વિચરતાં હીરહર્ષને આચાર્યપદ આપવા શિવપુરી (શિરોહી) આવ્યા ત્યારે ધર્મસાગર ઉપાધ્યાયને ત્યાં તેડાવ્યા. તે અને બીજા સાધુઓ એકઠા થયા અને (હીરહર્ષને) આચાર્યપદ આપ્યું (સં. ૧૬૧૦) ને તેમનું નામ હીરવિજયસૂરિ રાખ્યું. સૂરિ થયા હીરવિજય ને ઉપાધ્યાય હતા ધર્મસાગર. શ્રીપૂજ્યે પાટણનો આદેશ આપ્યો (ત્યાં ચોમાસું કરવા ફરમાન કર્યું). ધર્મસાગર વાદીને જીતવામાં જબરા કુશળ હતા, તેને શ્રીપૂજ્યે વીકાનેર મોકલ્યા. તેઓ ત્યાં પહોંચ્યા. મોહતા ગોત્રનો મંત્રી દેવો નિત્યાનિત્ય વિષે વાદ કરતો હતો. સહસારણ કુમતિવાળો હતો. તેને સમજાવવા ધર્મસાગર જઇ પહોંચ્યા ને તેમણે હમેશ સમજાવી સંશય ટાળ્યા. ત્યાં રાજા કલ્યાણની રાજસત્તા ચાલતી હતી. ૭૨–૮૨

૧૧ ચિતોડમાં ગુરૂજીએ (ધર્મસાગરે) પ્રતિષ્ઠા કરી અને પરવાદીઓની સાથે વાદ કરી તેમના નાદ ઉતાર્યા. જાલોરમાં ખરતર પર જીત મેળવી તથા વાણીઆઓને દીક્ષા આપી પોતાના શિષ્યો કર્યા ને મોટી પ્રતિષ્ઠા પણ સંઘના તરફથી કરી. નાડલાઇમાં મોટી પ્રતિષ્ઠા કરી કુમતિમાં પડતા લોકોને વાર્યા, ઘણા લોકના સંશય ટાળ્યા ને વીજામતિ ત્યાંથી ચાલી ગયા. પછી ગુરૂના ઉપદેશથી ગુર્જરદેશ. (ગૂજરાત) માં આવ્યા ને પ્રસિદ્ધ પાટણ નગરમાં આવી ખરતરગચ્છના ઉપર જીત મેળવી. ધનવંત વણિકોએ ત્યાં ઘણાં મોટાં કામો કર્યાં. ગુરૂએ કેટલાયને દીક્ષા આપી. ૮૩–૮૮

૧૨ અહિમન્નગર (નાગપુર-નાગોર) માં ચોમાસું કરી ધનવંતોને વૈરાગી ને વિદ્યાવંત બનાવી દીક્ષા આપી. પછી શ્રી હીરવિજયસૂરિનો આદેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેસલમેર જવાનો આવતાં ત્યાં ગયા ને ત્યાંના રાજા હરિરાજ રાવલની રાજસભામાં વાદીઓ સાથે વાદ કરી જય મેળવ્યો. સીરોહી, જીરાવલા પાર્શ્વનાથ થઈ સૂરત ચોમાસું કરી ત્યાં રાય કલ્યાણુની સભામાં જયવાદને વર્યા, ને બતાવી આપ્યું કે પર્યુષણ ચોથનું જ કરવું ઘટે. ૮૯–૯૩

૧૩ જેઓએ ધર્મસાગર ઉપાધ્યાય પાસે વિનયથી વિદ્યાભ્યાસ કર્યો તેમનાં એટલે તેમના શિષ્યોનાં નામ હવે જણાવું છું:—

વિમલસાગર, જ્ઞાનવિમલ, વિજયકુશલ, વિવેકવિમલ, વિનયસાગર, ઉદયવંત, દયારૂચિ, પદ્મસાગર, લબ્ધિસાગર, ગુણસાગર, દર્શનસાગર, જ્ઞાનસાગર, શ્રુતસાગર, વિવેકસાગર, મેઘસાગર, માણિક્યસાગર ઇત્યાદિ શિષ્યો ભણીને પંડિતો થયા. ૯૪–૯૯

૧૪ ધર્મસાગરજીના રચેલા ગ્રંથો હવે કહે છે:—૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિપર વૃત્તિ. ૨ કલ્પસૂત્ર પર કિરણાવલી નામની વૃત્તિ. ૩ પ્રવચન પરીક્ષા. ૪ તત્ત્વતરંગિણી વગેરે અનેક ગ્રંથો. ૧૦૦–૧૦૧

૧૫ અનુક્રમે વિહાર કરતાં ગણધાર એટલે આચાર્ય જગગુરૂ હીરવિજયસૂરિ અમદાવાદ આવ્યા કે જ્યાં શાહ મુરાદ રાજ્યસત્તા ચલાવતો હતો, મુરાદ તે સૂરિને બોલાવી ધર્મનાં મર્મ હંમેશ પૂછતો હતો, અને ચિત્તને નિર્મલ કરતો હતો. ત્યાં ધર્મસાગરે આવી તેમને વંદન કર્યું. બંનેનાં મન આનંદિત થયાં. હીરવિજયસૂરિ શત્રુંજયની યાત્રા કરવા ચાલ્યા. ધર્મસાગર વંદના કરી ચતુરપણે રજા લઇ વટપદ્ર ( વડોદરા ) આવ્યા. પછી હીરવિજયસૂરિના આદેશથી તે કુંકણ દેશમાં સુરત ( તે સુરત તે વખતે કોંકણમાં અંતર્ગત હતું ) માં ચાતુર્માસ કર્યું.

૧૬ આ બાજુ હીરવિજયસૂરિએ શત્રુંજયની યાત્રા કરી ઉનામાં ચોમાસું કર્યું અને પછી ત્યાં અનશન કરી ભાદ્રવા શુદિ ૧૧ ને દિને (સં. ૧૬૫૨ માં) તેઓ સ્વર્ગે સિધાવ્યા. આ ખબર સાંભળી ધર્મસાગર ઉપાધ્યાયને દુઃખ થયું. આંસુ ઝરતે કહ્યું કે અમારી જોડલી ખોડલી થઇ–જોડી ખોડાઇ તૂટી. તે પછીના પટ્ટધર વિજયસેનસૂરિની આજ્ઞામાં રહી તેઓ આત્મસાધન કરવા લાગ્યા.

## ધર્મસાગર ઉપાધ્યાય રાસ.

દૂહા.

સરસ વચન દ્યુ સરસતી, વરસવિ વચન વિલાસ;
હંસવાહન ગજગામિની, સામિની પૂરઇ આસ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકલ સકલજનમનહરૂ, ઋષભાદિક ચઉવીસ;
તસ પય-પંકજ પ્રણમતા, પુગઇ મનહ જગીસ. ૨

વડવાચક વયરાગરૂ, વિદ્યાઇં વયરકુમાર;
સુદ્ધ શીલઇં કરી સાવલો, થૂલિભદ્ર અવતાર. ૩

ઉપશમરસકો સાગરૂ, ધર્મસાગર ગુરૂરાજ;
તાસ તણા ગુણ ગાયતા, સીઝઈ સઘલાં કાજ. ૪

રાગ ગોડી.

જંબૂદ્વીપ મઝારિ ખેત્ર ભરતમાંહિ, ગૂજરદેશ વખાણીય એ. ૫
તિહાં નયરી નિતરંગ નામઇં લાડોલિ, ધનદપુરી ધનઇં જાણી એ. ૬
ગઢ મઢ પોલિ સુચંગ મોટાં મંદિર સુંદર, તેજઇં દીપતાં એ. ૭
ઇંદ્ર વિમાન સમાન જિનવર પ્રાસાદ, કનકાચલનઇં જીપતા એ. ૮
તિહાં ચઉરાસી ચઉટાં ચઉપટ ચિહું દિસિઇં, ચતુરલોકનાં ચિત હરઇં એ. ૯
વાડી નઇ વનખંડ વાવિ સરોવર, સુરવર તિહાં ક્રીડા કરઇ એ. ૧૦
વ્યવહારી ધનવંત સંત સોહઇં, સદા ધર્મવંત ધુરંધરા એ. ૧૧
રૂપઇં રૂઅડી રામા શીલઇ ચમકંતિ, નિજપતિનઇં સુહંકરા એ. ૧૨
ઉસ વંશ સિણગાર વ્યવહારી વડો, સાહ શંકો તિહાં વસઇ એ. ૧૩
તસ ઘરણી અરખાઇ સીલઇં સીતા એ, રૂપઇં રંભાનઇં હસઈ એ. ૧૪
સુખભરી સૂતી સેજિઇં સઘન સોહામણું, મયગલ મોટો મલપતો એ. ૧૫
સપન લહી તતકાલ આવઈ પિઉ પાસઇં, કહઇ ગજ દીઠો દીપતો એ. ૧૬
પ્રમદઇં કરી પ્રમદાસ્યું પરગટ પિઉ બોલઇ, સુત હોસ્યઇ તુમ કુલતિલો એ. ૧૭
શુભ લગનઇં શુભ યોગિઇં પૂરઈ માસિં એ, સુત જનમઉ તિહાં ગુણનિલો એ. ૧૮

દૂહા.

સંવત પનર ઉગણાસીઈં, માહ માસ રવિવાર;
શુક્લ પખિ છઠી દિનઇં, હુઉ તે હર્ષ અપાર. ૧૯

જનમ મહોછવ અતિ ભલો, ખરચઈ કનકની કોડિ;
યાચક જન સહુ હરખિયા, ગુણ બોલઇ કરજોડિ. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકરમઈ સુત વાધતો, બીજ તણો જિમ ચંદ;
સકલ કલા ગુણ પૂરીઉ, મોહણવલ્લીકંદ. ૨૧

રાગ ધન્યાસી.

અનુકરમઈ કુંઅર વાધઇ, સકલ મનોરથ સાધઈ;
માય મનિ હરખ ન માઇ, ગુણીજન ગુણગણ ગાઈ. ૨૨

સુતનું દીધું એ નામ, ધિન **ધનજી** અભિરામ;
કુંઅર પાંચમઇ વરસઇ, ભણવા મુંકઇ ઉલ્લાસઈ. ૨૩

સકલ વિદ્યા દિન થોડઈ, ભણિઅ કુંઅર કોડઈ;
દિન દિન યોવન સોહઈ, રમણીનાં મન મોહઇ. ૨૪

મુંસાલ **મહીસાણા** ગામઈ, દાદો **વરસિંગ** નામઈ;
કુંઅરનઈ તિહાં તેડાવઈ, **ધનજી વનજી** તે આવઇ. ૨૫

મિલિઆ માજન લોક, દામ લીઉ તુમે રોક;
અમ ઘરિ કન્યા છઇ સારી, વિવાહ કરો વ્યવહારી. ૨૬

( દુહા. )

ઇણઇ અવસરિ આવઇં તિહાં, શ્રી પંડિત **જીવરાજ**;
ગોયમ ગણહર સમવડિ, સકલ સંઘ હિતકાજ. ૨૭

( ઢાલ ચાલુ )

શ્રીપૂજ્ય આદેશકારી, સકલ જીવ ઉપગારી;
ચઉમાસ **મહીસાણઇ** રહિઆ, શ્રી સંઘ હીયડઇ ગહગહીઆ. ૨૮

તેહ તણો ઉપદેશસાર, જાણે અમૃતધાર;
સંસારસરૂપ જાણી, વેરાગિ મનમાંહિ આણી. ૨૯

શ્રી ગુરૂચરણિ ચારિત્ર, લેઇ કીજઇ જનમ પવિત્ર.
(વં)દી શ્રી ગુરૂપાય, હઇયડઇ હરખ ન માય. ૩૦

દુહા.

નિજ જનનીનઇ વિનવઈ, વીનતડી અવધારિ;
સંયમ રામા રંગિ વરસ્યું, વેગિ વિચારિ. ૩૧

નિજ જનની નિસુણી કરી, નયણિ નીર ઝરંતિ;
સાહ ગોધાનઈ જઇ કહઇ, હઇડઇ દુઃખ ધરંતિ. ૩૨

સાહ ગોધો વલતું ભણઇ, કીજઇ એક ઉપાય;
જિમ સહૂઇ કુટુંબનઇ, હઇડઇ હરખ જ થાય. ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર.

ગત્ વર્ષના પૃષ્ટ ૨૯૪ થી શરૂ.

## ચૌદમો અધિકાર.

**પ્રશ્ન**—એક પ્રત્યક્ષને જ પ્રમાણ માનવું, તે વિચાર કરતાં વિવેકચક્ષુવંતોને સર્વ પદાર્થની સિદ્ધિ માટે સમર્થ લાગતું નથી.

ત્યારે સત્ય શું છે ?

**ઉત્તર**—પ્રવીણો કહે છે, જે એક પદ વડે બોલી શકાય તે સત્પદ અને જે સત્પદ વડે વાચ્ય હોય તે હોય જ. દ્દષ્ટાંત તરીકે, આનંદશોકાદિ પૂર્વે કહેલા શબ્દો. વિશેષમાં કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ, ઉદ્યમ, પ્રાણ, મન, જીવ, આકાશ, સંસાર, વિચાર, ધર્મ, અધર્મ, સ્વર્ગ, નરક, વિધિ, નિષેધ, પુદ્ગલ, પરમાણુ, સિદ્ધ, પરમેશ્વર ઇત્યાદિ. એ શબ્દોમાંના કોઇ પણ શબ્દને બુદ્ધિમાન્

---

રાગ સિંધુઉ અસાઉરી.

પ્રેમ ધરી માય ઇમ બોલઇ, મનમોહન, રાખો ઘરનું સૂત્ર મન૦<br>
તું છઇ કુંઅર લહુઅડો મન૦ ઇમ કાં વિચારઈ પુત્ર મન૦ ૩૪<br>
તુઝ વિણુ કિમ દિન લીજીઇ મન૦ તું છઇ અમ આધાર મન૦<br>
ચારિત્ર વછ ! છઇ દોહિલું મન૦ જેહવી ખાંડા ધાર મન૦ ૩૫<br>
વલતું કુંઅર ઇમ ભણઇ, સુણિ માડલિ ! એ છઈ અથિર સંસાર મોરી માડલિ.<br>
ધણ કણ કંચણ મોતીઆં, સુણિ૦ એ છઈ સહુઅ અસાર મોરી૦ ૩૬<br>
એહવું જાણી ચેતીઇ મોરી૦ લીજઇ સંયમ ભાર મોરી૦<br>
ધનજી વચન નિસુણી કરી, વનજી વિચારઈ સાર મોરી૦ ૩૭<br>
બિહું બંધવ સમઝી કરી સુણી૦ લેસ્યું અહો દોઇ સાથિ મોરી૦<br>
અમ્હે દોઇ સંયમ લીજઈ સુણી૦ પંડિત જીવરાજ હાથિ મોરી૦ ૩૮<br>
વલતું માડી ઇમ ભણઈ, મનમોહન, તુમ વિણ અમ કુણ કાજ મન૦<br>
સહુઇ સંયમ લીજીઇ મન૦ કીજીઇ અવિચલ રાજ. મન૦ ૩૯

( અપૂર્ણ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેષ્ટાવડે પ્રતિપાદન કરી શકે એમ નથી, પણ બધા શબ્દો સત્પદવડે પ્રરૂપવા યોગ્ય છે. એમના વર્ણો એક કર્ણેન્દ્રિયથી ગ્રહણ થઇ શકે છે અને સ્વસ્વભાવથી ઉત્પન્ન થતા તે તે પ્રકારના ફળથી અનુમાન પણ થઇ શકે છે. માત્ર કેવલજ્ઞાની જોઇ શકે છે. જે શબ્દો બે અથવા વધારે પદોના સંયોગથી થાય છે તે ( તદ્વાચ્ય વસ્તુ ? ) હોય અથવા ન પણ હોય. વંધ્યા અને પુત્ર પૃથક્ પૃથક્ હોય છે, પણ વંધ્યાપુત્ર એવો યુક્ત શબ્દ ( તદ્વાચ્ય કોઇ વસ્તુ વિશેષ ? ) નથી. તેજ પ્રમાણે આકાશપુષ્પ, મરીચિતોય ( ઝાંઝવાનાં પાણી ), ખરશૃંગ ઇત્યાદિ અનેક સંયુક્ત શબ્દો યુક્ત નથી ( અર્થાત્ તદ્વાચ્ય કોઇ વસ્તુ નથી ). કર્ણેન્દ્રિય વડે ગ્રહણ કરવા યોગ્ય ભાવથી પણ એમની સત્તા નથી. માટે ઇન્દ્રિયગોચર સર્વ સત્ય નથી. કેટલાક સંયોગજ શબ્દ ( તદ્વાચ્ય વસ્તુ ? ) હોય છે, ત્યારે તેમનો ( સંયુક્ત શબ્દોથી વાચ્યનો ? ) વિરહ પ્રાયઃ હોતો નથી. જેમકે ગોશૃંગ ( ગાયનું શીંગડું ), નરેન્દ્રકેશ ( રાજાના વાળ ), ભૂમિરૂહ ( જમીનમાં ઉગેલું ઝાડ ), ગોપતિ ( ગાયોનો માલિક ગોવાળિયો ), ભૂધર ( પર્વત ) વગેરે. કેટલાક શબ્દો પૃથક્ પૃથક્ અને સંયુક્ત પણ હોય છે.

આંખ કાન વગેરેથી ગ્રહણ થઇ શકે એવી વસ્તુ છતાં પણ ખરા કર્પૂરાદિમાં અને કર્પૂરાદિ નહિ પણ તેના જેવા જ લવણ શર્કરાદિમાં આંખ કાન ભેદ પાડી શકતાં નથી. આંખ, કાન, નાક ને જિહ્વાથી જો કે શર્કરાકર્પૂરાદિ સુગન્ધી વસ્તુઓ વિષે જ્ઞાન થાય છે તો પણ તેમાંના કેટલાક વિષે જિહ્વાથી થયેલું જ્ઞાન પ્રમાણ ગણાય છે. સ્વર્ણાદિ વસ્તુમાં આંખ અને કાનનું જ્ઞાન સ્ફુરે છે ( કામ કરે છે ) ખરૂં પણ તે પદાર્થની ખાત્રી માટે માત્ર ઇન્દ્રિય–જ્ઞાન નહિ કિન્તુ કષાદિથી ( કસોટીના પથ્થર ઉપર ઘસીને જોવા વગેરેથી ) થતું જ્ઞાન જ પ્રમાણ ગણાય છે. રત્નપરીક્ષકો ઇન્દ્રિયો સરખી છતાં રત્નપરીક્ષિકા નામના ગ્રંથના આધારે માણિક્યપ્રમુખ રત્નરાશિયોની કિંમત અધિક ઓછી કરે છે, પણ એકસરખી કરતા નથી તેમાં તેમની પ્રતિભા ( બુદ્ધિ ) વિશેષ કારણ છે, તેવીજ રીતે અફીણાદિ જોટક (કેફ ?) માં સર્વ ઇન્દ્રિયો મોહ પામે છે; પણ તે ખાધાથી ઉન્મત્તતા તેમના વિષે નિર્ણય કરવામાં પ્રમાણ ગણાય છે; માટે ઇન્દ્રિયજ્ઞાન સર્વ સત્ય નથી. ઔષધી, મંત્ર, ગુટિકા અને અદર્શીકરણ ( નેત્રાંજન ) થી ગુપ્ત રહેનારનું શરીર લોકોના દૃષ્ટિપથમાં આવતું નથી તેટલા ઉપરથી તે નથી એવું શું ઇન્દ્રિયો નથી ગ્રહણ કરતી ? અર્થાત્ ઇન્દ્રિયોથી તેનું અસ્તિત્વ ગ્રહી શકાતું નથી. તો પણ તે ગુપ્ત પુરૂષ આનય–મોચનાદિ લાવવું મૂકવું વગેરે કાર્ય કરે છે તેથી તેની સત્તા સિદ્ધ થાય છે. *આથી પરોક્ષની સિદ્ધિ થાય છે અને પરોક્ષની સિદ્ધિ થઇ એટલે સ્વર્ગનરકની સિદ્ધિ થઇ જ.

* શક્તિ, મહેશ ( શિવ–મહાદેવ ), વીર, ભૂત, સતી, જાંગુલિકા (વિષ ઉતાર નારી), સપત્ની (શોક) અને સિદ્ધાયિકાદિની સિદ્ધિ પણ તેવીજ રીતે મનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—જે વસ્તુ ચેષ્ટાથી પણ ન દેખાય તે કેવી રીતે મનાય ?

**ઉત્તર**—સર્વજ્ઞ ભગવાન્ કેવલજ્ઞાનથી જેટલી સત્ વસ્તુ છે તેટલી તમામ જાણી શકે છે માટે બીજાને અવબોધ થવાના હેતુથી તે જે જે વચન કહી ગયા છે તે પ્રમાણ ગણવાં જોઇએ. જુઓ ! લોકમાં પણ અન્યજનોને જે નથી જણાતું તે ખરેખર તદ્જ્ઞાતા (તેના જાણકાર) ને દેખાય છે. નૈમિત્તિકો (જ્યોતિર્વિદો) ગ્રહણ, ગ્રહોદય, ગર્ભ તથા મેઘનું આગમન વગેરે જાણી શકે છે. ચૂડામણિ ( રમળ ? ) શાસ્ત્રના જાણકાર વીતેલી સર્વ વાત કહી શકે છે. નિદાનવૈદ્ય સર્વ રોગનું નિદાન નિવેદન કરી શકે છે. પરીક્ષકો ( પરખિયા ) નાણાંની પરીક્ષા કરી શકે છે. પદજ્ઞ ( પગી ) પગલું કાઢી શકે છે. શાકુનિક શકુન ઓળખી શકે છે. સામાન્ય લોકો તેવું કંઇ કરી શકતા નથી. આટલા ઉપરથી જ સમજાશે કે ઇન્દ્રિયોથી બીજો શો બોધ થઇ શકે ? તાત્પર્ય કે સર્વ લોકો પરોક્ષ પદાર્થોને જાણી શકે નહિ, માત્ર જ્ઞાની જાણી શકે. ઇન્દ્રિયો છતાં પણ મનુષ્ય આચાર, શિક્ષા, વિદ્યા, મંત્ર, આમ્નાય, સાધન, ચરિત્ર, વૃત્તાન્ત અને પરદેશવાર્તા પોતાની મેળે જાણી શકતા નથી પણ પરોપદેશથી જાણી શકે છે. માટે ચિત્ત સ્થિર કરી અને વિકલ્પ મૂકી સમજો કે ઇન્દ્રિયો પોતાને જે ગ્રહણ કરવા યોગ્ય હોય તેનું જ ગ્રહણ કરે છે. જે જ્ઞાન ઇન્દ્રિયોને પરોક્ષ હોય તે પરોપદેશથી શીઘ્ર સમજાય છે. આ સર્વ સારૂં છે કે નઠારૂં છે તે વિસ્તારથી અથવા સંક્ષેપથી અન્યદ્વારા જ સમજી શકાય છે. અંત્રવૃદ્ધિ ( અંતરગળ ), શુક્રરોગ, કફ, પિત્ત, વાત, નાડી, ભ્રમ, ગુલ્મ ( વાયુથી પેટમાં ચડતો ગોળો ), યકૃત્ ( લીવર ), મલાશય, ગંડોલ ( કૃમિ ? ), તાપાધિકય ( તાવનો વધારો ), વાળો, કપાલરોગ, ગલરોગ ( ગળામાંના વ્યાધિ ) અને વિદ્રધિ ( પરૂ થાય એવો સોજો ) ઇત્યાદિ સ્વશરીરગત રોગોને સામાન્ય માણસો પોતાની ઇન્દ્રિયો વડે જાણી શકતા નથી. પણ પરોક્તિ ( બીજાનું કહેવું ) સાંભળવાથી તથા ઔષધાદિવડે શમન થવાથી રોગના અસ્તિત્વ વિષે તેમની ખાત્રી થાય છે. જે વસ્તુ પ્રાણીના શરીરના અવયવભૂત હોય તે જોઈ શકાય છે; પરંતુ અમૂર્ત જોઈ શકાતી નથી, આકૃતિવાળા પ્રાણીના અંગ ઉપર જે વસ્તુ થઇ હોય અથવા તે તદંગભૂત હોય તે જ જોઈ શકાય છે. નિરાકાર જીવના ગુણ જોઇ શકાતા નથી, કેમકે તે ગુણો પણ નિરાકાર છે, આથી સિદ્ધ થયું કે ઇન્દ્રિયોને જે ગ્રહણ કરવા યોગ્ય હોય તેનું જ તે ગ્રહણ કરે છે અને આપ્તોએ કહ્યું છે જે સામાન્ય લોકની ઇન્દ્રિયો સર્વ જોઇ—ગ્રહી શકતી નથી તે સત્ય છે.

## પંદરમો અધિકાર.

કોઇ વસ્તુ શરીરના બહારના ભાગ ઉપર રહેલી હોય તેમ છતાં પણ જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દૃશ્ય ગ્રાહ્ય હોય તો જ પ્રાણીઓ તેને સ્વઇન્દ્રિયોવડે દેખી શકે છે. જે ગ્રાહ્ય નથી તેનું ગ્રહણ થતું નથી. તે માત્ર બીજાના કહેવાથી માનવામાં આવે છે. અત્ર દૃષ્ટાન્ત. કોઈ પુરૂષની ગરદનના પાછલા ભાગ ઉપર કે પૃષ્ઠ–વાંસાના મધ્ય ભાગમાં ભૃંગ (ભમરો) અથવા સ્વસ્તિકાદિ ચિહ્ન અથવા તિલ (તલ) વગેરે હોય તેને તે પોતાની ઇંદ્રિયોવડે જોઇ શકતો નથી. જ્યારે તેનાં માતુશ્રી પ્રમુખ આપ્ત–વૃદ્ધો કહે છે કે ' તને અહીં ભૃંગાદિ છે ' ત્યારે તે માને છે; પરંતુ કોઈ પણ પ્રસંગે તે સ્વઇન્દ્રિયોવડે તેને જોઇ શકતો નથી. તેવીજ સ્વર્ગાદિ વિદ્યમાન છતાં સ્વઇન્દ્રિયોવડે ગ્રાહ્ય નહિ હોવાથી દેખી શકાતાં નથી. અહીં એવી શંકા નહિ કરવી કે, જેમ ભૃંગાદિને જોનારા ઘણા હોય છે અને નહિ જોનારો માત્ર તે ભૃંગાદિવાળો એકલો હોય છે તેવી રીતે સ્વર્ગાદિને જોનારા ઘણા નથી. સ્વ-શરીરમાં રહેલા ચિહ્નને નહિ જોનારના જેવા નાસ્તિક છે અને આપ્ત વચનને પ્રમાણ માનનારા અર્થાત્ પરભવને માનનારા આસ્તિક નાસ્તિકો કરતાં વધારે છે. એમ પણ નહિ કહેવું કે. પૃષ્ઠ ( પીઠ ) ઉપર આવેલા ચિહ્નનું ફળ થાય છે. ત્યારે તેનો નિશ્ચય થાય છે તેમ સ્વર્ગ નરકનો કોઈ પણ ચેષ્ટાવડે બોધ થતો નથી. શૈવોને માન્ય શક્તિ, શમ્ભુ, ગણેશ, વીર વગેરે દેવસમૂહ અને તુરૂષ્કો–(મુસલમાનો) ને પૂજ્ય ફિરસ્તા, પેગંબર, પીર પ્રમુખ તેમની સેવાથી થતા તાદૃશ ફળવડે–લોકોક્તિ ( લોકોના કહેવા ) પ્રમાણે જાણી શકાય છે તે છે કે નહિ ? જો છે તો તે દેવ છે–મર્ત્ય ( મનુષ્ય ) નથી, પણ કલિકાળના યોગથી પ્રાયઃ દેખી શકાતા નથી અને તેમની નિવાસભૂમિ દૂર હોવાથી તે ક્ષેત્રનો માર્ગ પણ મનુષ્યોને અગમ્ય છે. તેમની સત્તા સિદ્ધ છે, જે આપણા જેવા અહીં રહેનારાથી દર્શાવી શકાય તેમ નથી. એજ પ્રમાણે પાપ હેતુથી પ્રાપ્ત થવા યોગ્ય નરકગતિની સત્તા પણ સ્વયમેવ વિચારી લેવી. વળી સ્વચિત્તમાં એવો વિચાર કરો કે, લંકા છે અથવા નહીં ? છે એમ તો તમે અમે સર્વે સાંભળીએ છીએ. વારૂ તે કોણ માનતું નથી ? જો માનો છો તો અહીં રહ્યાં રહ્યાં બતાવો. અહીં રહ્યાં રહ્યાં કોનાથી બતાવાય એમજો કહેવું હોય તો જેમ અહીં રહેલાથી લંકા ન દેખાય તેમ અહીં રહેલા છદ્મસ્થ ( કેવલજ્ઞાન નહિ પામેલા ) પુરૂષોથી સ્વર્ગમોક્ષાદિ સ્થાન પણ ન દેખાય.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૩૭ થી શરૂ )

૩૮ [ પ્ર૦ ] એ પ્રમાણે ખરેખર દેવાનુપ્રિય ! આપનો અન્તેવાસી **કુશિષ્ય** મંખલિપુત્ર **ગોશાલક** છે તે મંખલિપુત્ર ગોશાલક મરણ સમયે કાળ કરીને કયાં ગયો કયાં ઉત્પન્ન થયો ? [ ઉ૦ ] એ પ્રમાણે ખરેખર હે ગૌતમ ! મારો **અન્તેવાસી કુશિષ્ય મંખલિપુત્ર ગોશાલક** જે શ્રમણનો **ઘાતક** અને યાવત્ છદ્મસ્થ હતો તે મરણ સમયે કાળ કરીને ઉર્ધ્વલોકમાં ચન્દ્ર અને સૂર્યને ઓળંગી યાવત્ **અચ્યુત** કલ્પને વિષે દેવપણે ઉત્પન્ન થયો, ત્યાં કેટલાએક દેવોની બાવીશ સાગરોપમની સ્થિતિ કહી છે, ત્યાં ગોશાલક દેવની પણ **બાવીશ સાગરોપમ**ની સ્થિતિ છે.

૩૯ [ પ્ર૦ ] તે ગોશાલક દેવ તે દેવલોકથી આયુષ્યનો ક્ષય થવાથી યાવત્ કયાં ઉત્પન્ન થશે ? [ ઉ૦ ] હે ગૌતમ ! આ જંબુદ્વીપ નામે દ્વીપમાં ભરતક્ષેત્રને વિષે વિન્ધ્યાચલ પર્વતની તળેટીમાં પુંડનામે દેશને વિષે શતદ્વાર નામે નગરમાં **સંમુતિ** (સન્મૂર્તિ) નામે રાજાને **ભદ્રા** નામે ભાર્યાની કુક્ષિને વિષે પુત્ર રૂપે ઉત્પન્ન થશે તે ત્યાં નવ માસ બરોબર પૂર્ણ થયા બાદ અને સાડા સાત દિવસ વીત્યા પછી સુન્દર બાળકને જન્મ આપશે.

૪૦ જે રાત્રિને વિષે તે બાળકનો જન્મ થશે તે રાત્રિને વિષે શતદ્વાર નામે નગરમાં અંદર અને બહાર અનેક ભારપ્રમાણ અને અનેક કુંભપ્રમાણ વૃષ્ટિરૂપ પદ્મની વૃષ્ટિ અને રત્નોની વૃષ્ટિ થશે. તે વખતે તે બાળકના માતાપિતા અગીયારમો દિવસ વીત્યા પછી બારમે દિવસે આવા પ્રકારનું ગુણયુક્ત અને ગુણનિષ્પન્ન નામ કરશે, જે હેતુથી અમારા આ બાળકનો જન્મ થયો એટલે શતદ્વાર નગરને વિષે બાહ્ય અને અંદર યાવત્ રત્નની વૃષ્ટિ થઈ તે માટે અમારા આ બાળકનું નામ **મહાપદ્મ** રહો. ત્યારપછી તે બાળકના માતાપિતા મહાપદ્મ એવું નામ પાડશે. ત્યાર પછી તે મહાપદ્મ બાળકને માતા પિતા કંઇક અધિક આઠ વર્ષનો થયેલો જાણીને સારા **તિથિ કરણ, દિવસ, નક્ષત્ર,** અને **મુહૂર્તને** વિષે અત્યન્ત મોટા રાજ્યાભિષેક વડે **અભિષેક** કરશે.

હવે તે રાજા થશે તે મહાહિમવાન્ આદિ પર્વતની જેમ બલવાળો થશે ઇત્યાદિ વર્ણન જાણવું યાવત તે વિહરશે. હવે અન્ય કોઇ દિવસે તે મહાપદ્મરાજાનું મહાદ્ધક યાવત્ મહાસુખવાળા બે **દેવો** સેનાકર્મ કરશે, તે દેવોના નામ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર.** ત્યાર પછી શતદ્વાર નગરને વિષે ઘણા માંડલિક રાજાઓ યુવરાજા-તલવર યાવત્ સાર્થવાહ પ્રમુખ પરસ્પર બોલાવીને એ પ્રમાણે કહેશે કે હે દેવાનુપ્રિયો ! જે હેતુથી અમારા મહાપદ્મરાજાનું બે મહર્દ્ધિક દેવો યાવત્ સેનાકર્મ કરે છે, તે દેવોના નામ આ પ્રમાણે પૂર્ણભદ્ર અને માણિભદ્ર. તે માટે હે દેવાનુપ્રિયો ! અમારા મહાપદ્મરાજાનું બીજું નામ **દેવસેન** રહો, તે વખતે તે મહાપદ્મરાજાનું દેવસેન એવું બીજું નામ થશે.

૪૧ ત્યાર બાદ તે દેવસેન રાજાને અન્ય કોઇ દિવસે શ્વેત નિર્મલ શંખના તળીયા સમાન અને ચાર દન્તવાળું **હસ્તિરત્ન** ઉત્પન્ન થશે, ત્યારે તે દેવસેનરાજા શ્વેત નિર્મલ શંખના તળ સમાન અને ચાર દન્તવાળા હસ્તિરત્ન ઉપર ચડીને શતદ્વાર નગરના મધ્યભાગમાં થઇને વારંવાર જશે અને નીકળશે, તે વખતે શતદ્વાર નગરને વિષે ઘણા માંડલિક રાજાઓ યુવરાજા યાવત્ સાર્થ-વાહ પ્રમુખ એક બીજાને બોલાવશે બોલાવીને કહેશે કે હે દેવાનુપ્રિયો ! જેથી અમારા દેવસેન રાજાને શ્વેત નિર્મલ શંખતળના જેવો અને ચાર દાંત-વાળો ઉત્તમ હસ્તિ ઉત્પન્ન થયો છે, તે માટે હે દેવાનુપ્રિયો ! અમારા દેવ-સેન રાજાનું ત્રીજું નામ **વિમલવાહન** હો. ત્યારે તે દેવસેન રાજાનું વિમલ-વાહન એવું ત્રીજું નામ પડશે.

૪૨ ત્યાર બાદ તે વિમલવાહન રાજા અન્ય કોઇ દિવસે શ્રમણ નિર્ગ્ર-ન્થોની સાથે મિથ્યાત્વ **અનાર્યપણું** આચરશે, કેટલાએક શ્રમણ નિર્ગ્રન્થોનો આક્રોશ કરશે, કેટલાએકની હાંસી કરશે, કેટલાએકને જુદા પાડશે, કેટલાએકની નિર્ભર્ત્સના કરશે, કેટલાએકને બાંધશે, કેટલાએકને રોકશે, કેટલાએકના અવ-યવોનો છેદ કરશે, કેટલાએકને મારશે, કેટલાએકને ઉપદ્રવ કરશે, કેટલાએકના **વસ્ત્ર, પાત્ર, કાંબલ** અને **પાદપુચ્છન** છેદશે-વિશેષ છેદશે, ભેદશે, અપહરણ કરશે, કેટલાએકના ભાત-પાણીનો વિચ્છેદ કરશે, કેટલાએકને નગરથી બહાર કાઢશે, અને કેટલાએકને દેશથી બહાર કાઢશે. તે સમયે શતદ્વાર નગરને વિષે ઘણા માંડલિક રાજાઓ અને યુવરાજાઓ યાવત્ પરસ્પર કહેશે કે હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર વિમલવાહન રાજાએ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યા અના-ર્યપણું સ્વીકાર્યું છે યાવત્ કેટલાએકને દેશથી બહાર કાઢે છે. તે માટે હે દેવાનુ-પ્રિયો ! એ આપણને શ્રેયરૂપ નથી, આ વિમલવાહન રાજાને શ્રેયરૂપ નથી, તેમજ આ રાજ્યને આ રાષ્ટ્રને બલને, વાહનને, પુરને, અન્તઃપુરને કે દેશને શ્રેયરૂપ નથી, કે જે વિમલવાહન રાજાએ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યા અનાર્યપણું સ્વીકાર્યું છે, તે માટે હે દેવાનુપ્રિયો ! આપણે વિમલવાહન રાજાને આ વાત જણાવવી યોગ્ય છે. એમ વિચારી એકબીજાની પાસે આ વાતનો સ્વીકાર કરે છે, સ્વીકાર કરીને જ્યાં વિમલવાહન રાજા છે ત્યાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ત્યાં આવીને કરતલપરિગૃહીત કરીને હાથ જોડીને વિમલવાહન રાજાને જય અને વિજયથી વધાવે છે. વધાવીને એમ કહેશે કે હે દેવાનુપ્રિય ! આપ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યા અનાર્યપણાને આચરતા કેટલાએકનો આક્રોશ કરો છો યાવત્ કેટલાએકને દેશથી બહાર કાઢો છો, તે દેવાનુપ્રિય એવા આપને શ્રેયરૂપ નથી, એમ અમોને પણ શ્રેયરૂપ નથી તેમજ આ રાજ્યને યાવત્ દેશને શ્રેયરૂપ નથી કે જે દેવાનુપ્રિય એવા આપ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યાત્વ અનાર્યપણું આચરો છો. તે માટે હે દેવાનુપ્રિય ! આપ નહિં કરવા વડે આ કાર્યથી બન્ધ પડો.

૪૩ જ્યારે તે ઘણા માંડલિક રાજાઓ, યુવરાજાઓ, સાર્થવાહ પ્રમુખ આ બાબત વિનતિ કરશે ત્યારે તે વિમલવાહન રાજા **ધર્મ નથી, તપ નથી,** એવી બુદ્ધિથી મિથ્યા વિનયવડે આ વાત કબુલ કરશે. હવે તે શતદ્વાર નગરથી બહાર ઉત્તર પૂર્વ દિશાએ અહિં સુભૂમિભાગ નામે **ઉદ્યાન** હશે, તે સર્વ ઋતુના પુષ્પાદિક યુક્ત, ઇત્યાદિ વર્ણન જાણવું. તે કાલે તે સમયે **વિમલ નામે તીર્થંકર**ના પ્રપૌત્ર શિષ્યપરંપરામાં થયેલા **સુમંગલ** નામે અનગાર હશે. તે જાતિસંપન્ન ઇત્યાદિ **ધર્મઘોષ** અનગારના વર્ણન પ્રમાણે વર્ણન કરવું, યાવત્ સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળા ત્રણ જ્ઞાનવડે સહિત તે સુમંગલ નામે અનગાર સુભૂમિભાગ નામે ઉદ્યાનથી થોડે દૂર નિરન્તર છઠ્ઠનો તપ કરવા વડે યાવત આતાપના લેતા વિહરશે.

૪૪ હવે તે વિમલવાહન રાજા અન્ય કોઇ દિવસે રથચર્યા કરવા નીકળશે, ત્યારે સુભૂમિભાગ નામે ઉદ્યાનથી થોડે દૂર રથચર્યા કરતો તે વિમલવાહન રાજા નિરંતર છઠ્ઠનો તપ કરતા યાવત્ આતાપના લેતા સુમંગલ અનગારને જોશે, જોઇને **કોપાવિષ્ટ** થયેલો યાવત્ ક્રોધથી અત્યન્ત બળતો એવો તે રાજા રથના અગ્રભાગવડે તે સુમંગલ અનગારને અભિઘાત કરી પાડી નાખશે. જ્યારે વિમલવાહન રાજા રથના અગ્રભાગવડે સુમંગલ અનગારને પાડી નાંખશે ત્યારે તે સુમંગલ અનગાર ધીમે ધીમે ઉઠશે, ઉઠીને બીજીવાર ઉંચા હાથ કરી કરીને આતાપના લેતા વિહરશે ત્યારે તે વિમલવાહન રાજા સુમંગલ અનગારને બીજીવાર રથના અગ્રભાગવડે અભિઘાત કરી પાડી નાંખશે, જ્યારે વિમલવાહન રાજા સુમંગલ અનગારને બીજીવાર રથના અગ્રભાગવડે અભિઘાત કરી પાડી નાંખશે ત્યારે તે સુમંગલ અનગાર ધીમે ધીમે ઉઠશે, ઉઠીને **અવધિજ્ઞાન** પ્રયુંજશે, અવધિજ્ઞાન પ્રયુંજીને વિમલવાહન રાજાને અતીતકાળે અવધિજ્ઞાનવડે જોશે, જોઇને વિમલવાહન રાજાને એમ કહેશે કે તું ખરેખર વિમલવાહન રાજા નથી, તું ખરેખર દેવસેન રાજા નથી, તું ખરેખર મહાપદ્મ રાજા નથી. તું આ ભવથી ત્રીજા ભવમાં મંખલિપુત્ર ગોશાલક નામે હતો, અને શ્રમણનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકતો.

## શ્રી વીરચરિત્રમાં આવતાં મનુષ્યો, નગર, નદી, વગેરેના નામો.

( ગતાંક પૃષ્ઠ ૩૯ થી શરૂ. )

| સર્ગ. | શ્લોક. | | |
|---|---|---|---|
| ૧૧ | ૧૮૪ | અંગારવતી | ચંડપ્રદ્યોતની રાણી |
| ,, | ,, | વાસવદત્તા | તે બન્ને પુત્રી. |
| ,, | ૧૯૦ | ઉદયન રાજા | વત્સદેશ, કૌશાંબી નગરીનો રાજા. |
| ,, | ૨૩૩ | યોગંધરાયણ | તે રાજાનો મંત્રી. |
| ,, | ૨૫૮ | ઉજ્જયિનીથી કૌશાંબી નગરી એકસો યોજન થાય છે. | |
| ,, | ૩૧૧ | વીતભય નગરીના રાજા ઉદાયનને દીક્ષા આપીને મરૂમંડલમાં થઇને ભગવાન રાજગૃહી નગરીમાં સમોસર્યા. | |

ઘાત કરનાર તું છદ્મસ્થાવસ્થામાં કાળધર્મ પામ્યો હતો, જો કે તે વખતે સર્વાનુભૂતિ અનગારે **સમર્થ** છતાં પણ તારો અપરાધ સમ્યક્ પ્રકારે **સહન કર્યો** તેની ક્ષમા કરી, તિતિક્ષા કરી અને તેને અધ્યાસિત કર્યો. જો કે તે વખતે સુનક્ષત્ર અનગારે પણ યાવત્ અધ્યાસિત સહન કર્યો. જો કે તે સમયે શ્રમણ ભગવાન્ **મહાવીરે સમર્થ** છતાં પણ યાવત્ **સહન** કર્યો. પરન્તુ ખરેખર હું તે પ્રમાણે સમ્યક્ સહન નહિં કરૂં. યાવત્ અધ્યાસિત નહિ કરૂં. હું ઘોડા, રથ અને સારથિ સહિત તને મારા તપના તેજથી એક ઘાએ કૂટાઘાત પાષાણમય યંત્રના આઘાતની જેમ ભસ્મરાશિરૂપ કરીશ.

૪૫ જ્યારે તે સુમંગલ અનગારે એ પ્રમાણે કહ્યું ત્યારે અત્યન્ત ગુસ્સે થયેલો અને યાવત્ અત્યન્ત ક્રોધથી બળતો તે વિમલવાહન રાજા સુમંગલ અનગારને **ત્રીજીવાર** પણ રથના અગ્રભાગવડે અભિઘાત કરી **પાડી નાંખશે.** જ્યારે વિમલવાહન રાજા રથના અગ્રભાગવડે ત્રીજીવાર તે સુમંગલ અનગારને અભિઘાત કરી પાડી નાંખશે, ત્યારે અત્યંત ગુસ્સે થયેલા અને યાવત્ ક્રોધથી બળતા એવા તે **સુમંગલ** અનગાર આતાપના ભૂમિથી ઉતરી તૈજસ સમુદ્ઘાત કરશે. તૈજસ સમુદ્ઘાત કરીને સાત આઠ પગલાં પાછા જઇ ઘોડા, રથ અને સારથિ સહિત વિમલવાહન રાજાને **ભસ્મરાશિ** રૂપ કરશે.

૪૬ [પ્ર૦] **હે** ભગવાન્ ! સુમંગલ અનગાર ઘોડા સહિત યાવત્ વિમલવાહનરાજાને ભસ્મરાશિરૂપ કરીને [ કાળ કરી ] ક્યાં જશે ? ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ,, | ૩૨૫ | ઉદાયન રાજા | અંતિમ રાજર્ષિ. |
| ,, | ૩૨૭ | સિંધુસોવીરદેશ | વીતભયનગરી તેનો રાજા ઉદાયન. |
| ,, | ૩૩૦ | પ્રભાવતી | તેના રાણી. |
| ,, | ૩૩૧ | અભીચિ | તે બન્નેનો પુત્ર. |
| ,, | ,, | કેશી | ઉદાયન રાજાનો ભાણેજ. |
| ,, | ૩૭૫ | ગૃહસ્થપણામાં, ચિત્રશાલામાં, કાઉસ્સગ્ગધ્યાનમાં, રહેલા વીરભગવાનની મૂર્ત્તિ ગોશિર્ષચંદનની વિદ્યુન્માલી દેવે કરાવી. | |
| ,, | ૪૨૭ | દેવદત્તા | ઉદાયનની દાસી, ચંડપ્રદ્યોતની રાણી થઇ. |
| ,, | ૪૪૫ | ગાંધાર દેશનો | ગાંધાર નામનો શ્રાવક વૈતાઢ્ય પર્વત ઉપર યાત્રા કરવા ગયો. |
| ,, | ૪૬૫ | કૌશાંબીનગરી | જિતશત્રુ રાજા. |
| ,, | ૪૬૬ | કાશ્યપ | તે રાજાનો પુરોહિત. પુનર્યશાઃ તેની સ્ત્રી |
| ,, | ૪૬૭ | કપિલ | તે પુરોહિતનો પુત્ર. સ્વયંબુદ્ધ કેવળી થયા. |
| ,, | ૫૦૧ | શ્રાવસ્તિ નગરીનો રાજા પ્રસેનજિત્. | |
| ,, | ૫૨૦ | શ્રાવસ્તિ અને રાજગૃહની વચ્ચે ૧૮ યોજનની ભયંકર અટવી છે. | |
| ,, | ૫૨૧ | તે અટવીમાં કડદાસાખ્યા બલભદ્રાદિ પાંચસો ચોર હતા તેને કપિલર્ષિએ પ્રતિબોધ કર્યો. | |
| ,, | ૫૪૦ | વિદિશાપુરી નગરી ( ઉજ્જાયનીની પાસે ) | શ્રીવીર ભગવાનની વિદ્યુન્માલી- |
| ,, | ,, | ભાયલસ્વામી તે નગરીનો શ્રાવક. | એ કરેલી પ્રતિમાનો પૂજક. |
| ,, | ૫૪૬ | વિદિશા નદી | વિદિશાપુરીની પાસે. |
| ,, | ૫૬૮ | જાંગલદેશ ભુમિ | વીતભયનગર અને ઉજ્જયિનીની વચ્ચે. |
| ,, | ૫૮૯ | દશપુર | વિદિશાપુરી અને વીતભયનગરીની વચ્ચે રસ્તામાં ઉદાયન રાજાએ વસાવ્યું. ( જેને હાલ મંદસૌર કહે છે ). |
| ,, | ૬૦૫ | દેવકીયપુર ( ભાયલસ્વામી નામનું ) વિદિશાનગરીની પાસે ચંડપ્રદ્યોતને નગર વસાવ્યું અને તે વીર ભગવાનની પ્રતિમા માટે ૧૨ હજાર ગામ અર્પણ કર્યાં. | |
| ,, | ૬૧૮ | વીતભયનગરમાં ભગવાન ચંપાનગરીથી જઇને સમોસર્યા. | |
| ૧૨ | ૨૧ | વીતભયનગરને દેવીએ ધૂળથી દાટી દીધું. | |
| ,, | ૨૪ | સિનપલ્લીમાં વીતભયનગરીના કુંભકારકના નામનું સ્થાન દેવી કરાવશે. | |
| ,, | ૩૭ | સૌરાષ્ટ્ર–લાટ–ગુર્જર–ના સીમાડામાં. | |
| ,, | ,, | અણહિલપાટન નામનું નગર થશે. | |
| ,, | ૪૫ | ભગવાનના નિર્વાણથી ૧૬૬૯ વર્ષે તે નગરમાં. | |
| ,, | ૪૬ | કુમારપાલ રાજા ચૌલુક્યકુલમાં થશે. | |
| ,, | ૫૨ | ઉત્તર દિશામાં તુરૂષ્ક દેશ સુધી. | કુમારપાલ સાધશે. |
| ,, | ,, | પૂર્વ દિશામાં ગંગા નદી સુધી. | |
| ,, | ,, | દક્ષિણ દિશામાં વિંધ્યાચળ પર્યંત | |
| ,, | ,, | પશ્ચિમ દિશામાં સમુદ્ર સુધી. | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ,, | ૫૩ | આચાર્યશ્રી હેમચંદ્ર  વજ્રશાખા–મુનિચંદ્ર કુલોત્પન્ન. |
| ,, | ૧૩૯ | ઉદાયી  કૂણિક–પદ્માવતીનો પુત્ર. ચંપાનગરીનો રાજા કૂણિક પછી થયો. |
| ,, | ૧૮૮ | ચંપાનગરી  રાજગૃહીની પાસે  કૂણિકે નવી વસાવી. |
| ,, | ૨૫૮ | વરૂણ  નાગસારથિનો પૌત્ર પરમ શ્રાવક  ચેડારાજાનો સેનાપતિ. |
| ,, | ૩૩૫ | ગિરિનગર  આંહીથી ગિરનારની યાત્રા કરી.  ફૂલવાલુકની કથામાં. |
| ,, | ,, | ઉજ્ઝયન્ત. |
| ,, | ૩૪૭ | ગિરિણદી  ઉજ્ઝયન્તની પાસે. |
| ,, | ૩૭૨ | વિશાલી નગરીમાં  મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ હતો. |
| ,, | ૩૮૮ | સત્યકિ વિદ્યાધર  સુજ્યેષ્ઠાનો પુત્ર.  ચેટકરાજાનો દોહિત્ર. |
| ,, | ૩૯૦ | નીલવાન પર્વત ઉપર તે વિશાલીની પ્રજાને લઇ ગયો. |
| ,, | ૪૦૫ | ચંપાનગરીમાં ભગવાન વિહાર કરતા કરતા સમોસર્યા. |
| ,, | ૪૧૭ | વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફા પાસે કૂણિક ગયો ત્યાં મૃત્યુ પામ્યો. |
| ,, | ૪૪૦ | અપાપા નગરીમાં  ભગવાન અન્તસમયે સમોસર્યા. |
| ૧૩ | ૩ | હસ્તિપાલ રાજા  અપાપા નગરીનો રાજા. |
| ,, | ૭૮ | ભગવાનના નિર્વાણ પછી ૧૯૧૪ વર્ષ ગયા પછી ચૈત્ર વદિ ૮ ને દિવસે |
| ,, | ૭૯ | મ્લેચ્છ કુળમાં પાટલીપુત્ર કલ્કી નામનો રાજા થશે તે વખતે |
| ,, | ૮૦ | મથુરાનગરીમાં રામકૃષ્ણનું મંદિર અકસ્માત્ પડી જશે. |
| ,, | ૮૫ | નંદરાજા  કલ્કીની પહેલાં થઇ ગયો. |
| ,, | ૧૦૪ | પ્રાતિપદ નામના જૈનાચાર્ય  કલ્કીરાજાના વખતમાં પાટલીપુત્ર નગરમાં. |
| ,, | ૧૨૧ | દત્ત  કલ્કીનો પુત્ર.  પાટલીપુત્રનો રાજા થશે. |
| ,, | ૧૪૬ | દુઃપ્રસહ  આચાર્ય } પાંચમા આરાને છેડે સૌથી છેલ્લા થશે. |
| ,, | ,, | ફલ્ગુશ્રી  સાધ્વી |
| ,, | ,, | નાગિલ  શ્રાવક |
| ,, | ,, | સત્યશ્રી  શ્રાવિકા |
| ,, | ૧૪૭ | વિમલવાહન  રાજા |
| ,, | ,, | સુમુખ  મંત્રી |
| ,, | ૧૬૦ | વૈતાઢ્ય પર્વત–ઋષભકૂટ–ગંગા નદી–સિંધુ નદી–આ ચારવાનાં છઠ્ઠા આરામાં રહેશે. |
| ,, | ૨૦૯ | જંબૂસ્વામી છેલ્લા કેવળી. |
| ,, | ૨૧૨ | પ્રભવસ્વામી–શય્યંભવ–યશોભદ્ર–સંભૂતિ–ભદ્રબાહુ–સ્થૂલભદ્ર–૧૪ પૂર્વી. |
| ,, | ૨૧૬ | મહાગિરિ–સુહસ્તી–શ્રી વજ્રસ્વામી સુધી દશપૂર્વી. |
| ,, | ૨૨૦ | દેવશર્મા દ્વિજ  ગૌતમસ્વામી પ્રતિબોધ કરવા ગયા હતા તે. |
| ,, | ૨૬૯ | ભગવાનના અગ્નિસંસ્કારના સ્થાન ઉપર દેવોએ રત્નમય સ્તૂપ બનાવ્યો. |
| ,, | ૨૮૨ | ગૌતમસ્વામી ૧૨ વર્ષ કેવલી પર્યાય પાળીને રાજગૃહી નગરમાં મોક્ષે ગયા. |
| ,, | ૨૮૩ | સુધર્માસ્વામી કેવલી થઇ રાજગૃહી નગરમાં મોક્ષે ગયા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમહાવીરસ્વામી ભગવાનના વિહારની યાદી.

## ( શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર શ્રીમહાવીર ચરિત્ર દશમા પર્વ ઉપરથી. )

( સંગ્રાહક—**મુનિ જયંતવિજય ( ધર્મજયન્ત ) શિવપુરી**-ગ્વાલિયર.

| સર્ગ. | શ્લોક. | |
|---|---|---|
| ૨ | ૧૯૨ | ક્ષત્રિયકુંડગ્રામ—જ્ઞાતખંડ વનમાં દીક્ષા લીધી. |
| ૩ | ૧૫ | કૂમરિગ્રામ—પહેલો ઉપસર્ગ ગોપનો. |
| ,, | ૩૪ | કોલ્લાકગ્રામ—પ્રથમ પારણું. |
| ,, | ૪૯ | મોરાકગ્રામ—દૂઇજ્ઝન્ત તાપસાશ્રમ. |
| ,, | ૫૫ | ,, ,, ,, ,, પ્રથમ ચોમાસાના પંદર દિવસ. |
| ,, | ૭૮ | અસ્થિકગ્રામ—પહેલા ચોમાસામાં—શૂલપાણિનો ઉપસર્ગ. પ્રથમ ચોમાસું પૂર્ણ કર્યું ( જૂનું નામ વર્ધમાન ગ્રામ ) |
| ,, | ૧૭૦ | મોરાકગ્રામ—દીક્ષા દિવસથી એક વરસે ફરી આવ્યા. |
| ,, | ૨૧૮ થી | દક્ષિણ ચાવાલ — આ બન્ને ગામની વચમાં નીચેની બન્ને નદીઓ છે ત્યાં |
| ,, | ૨૨૦ | ઉત્તર ચાવાલ — વિચરતા ભગવાનનું દેવદૂષ્યાર્ધ સુવર્ણવાલુકાને કાંઠે |
| ,, | ,, | સુવર્ણવાલુકા નદી |
| ,, | ,, | રૂપ્યવાલુકા નદી — કાંટામાં પડયું તેને સોમ વિપ્રે લઇ લીધું. |
| ,, | ૨૨૬ | કનકખલાખ્યતાપસાશ્રમ ( શ્વેતવી નગરી પાસે ) ચંડકૌશિકને પ્રતિબોધ કર્યો. |
| ,, | ૨૮૦ | ઉત્તર ચાવાલ |
| ,, | ૨૮૬ | શ્વેતવી નગરી ( પ્રદેશી રાજા ) |
| ,, | ૨૮૮ | સુરભિનગર |
| ,, | ૨૮૯ | ગંગા નદી. |
| ,, | ૩૫૨ | સ્થૂણાકગ્રામ. |
| ,, | ૩૭૦—૩૭૧ | રાજગૃહીનગર—નાલંદા પાડો—તંતુવાયશાલામાં બીજુ ચોમાસું. |
| ,, | ૩૯૮ | કોલ્લાકગ્રામ ( રાજગૃહનગરની પાસે ). |
| ,, | ૪૧૩ | સ્વર્ણખલગ્રામ |
| ,, | ૪૧૯ | બ્રાહ્મણગ્રામ ( નંદ—ઉપનંદના પાડાવાળું ) |
| ,, | ૪૨૬ | ચંપાનગરી ( ત્રીજું ચોમાસું ) |
| ,, | ૪૨૮ | કોલ્લાકગ્રામ |
| ,, | ૪૩૯ | પત્રકાલગ્રામ |
| ,, | ૪૪૫ | કુમારસન્નિવેશગ્રામ- ચંપકરમણીયોદ્યાન. |
| ,, | ૪૪૭ | ચોરાકગ્રામ ( ઉપસર્ગ—ચોરિક-હેરિકની શંકાથી પકડાયા. ) |
| ,, | ૪૮૭ | પૃષ્ઠચંપાનગરી ( ચોથું ચોમાસું. ) |
| ,, | ૪૮૯ | કૃતમંગલનગર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ દેવ ગુરૂની યોગ્ય ઉપાસના વિધિ.

**" અંગ [૧] વસન [૨] મન [૩] ભૂમિકા [૪], પૂજોપકરણ [૫] સાર;**
**ન્યાય દ્રવ્ય [૬] વિધિ શુદ્ધતા, [૭] શુદ્ધિ સાત પ્રકાર.**

( શરીર-શુદ્ધિ, વસ્ત્ર-શુદ્ધિ, મન-શુદ્ધિ, ભૂમિકા-શુદ્ધિ, પૂજા ઉપકરણ-શુદ્ધિ અને વિધિ-શુદ્ધિ )

( ઉક્ત ) સાતે શુદ્ધિ સમાચરી, કરીએ નિત્ય પ્રણામ;

૧ શરીરની અશુદ્ધિ ટાળી, શુદ્ધ વસ્ત્ર પહેરીને દેવગુરૂના દર્શને જવું.

૨ ઘર વ્યાપાર સંકેલી, ચોકખું ચિત્ત રાખી, દેવગુરૂની સેવા ભક્તિ કરવી.

૩ દેરાસરે અને ઉપાશ્રયે જયણાથી ભૂમિકાશુદ્ધ કર્યા બાદ પ્રમાદ રહિત નિત્ય કરણી કરવી.

૪ પૂજા-સેવાના ઉપકરણ એવા સાફ ને સુંદર રાખવા કે જે વાપરતાં આપણને શુભ ભાવ ઉલ્લાસ જાગે.

૫ શુદ્ધ આચાર વિચાર સેવનાર ન્યાય-નીતિથી વ્યાપાર વ્યવસાય કરનારને દેવગુરૂની પૂજા-સેવા સફળ થાય છે.

૬ શુદ્ધ નિષ્ઠાથી કરેલી દેવગુરૂની સેવા-ભક્તિ કલ્પવેલીની જેમ ફળે છે.

---

,, ૫૦૫ શ્રાવસ્તીનગરી.
,, ૫૨૦ હરિદ્રુકંગ્રામ.
,, ૫૨૭ લાંગલગ્રામ.
,, ૫૩૪ આવર્તગ્રામ.
,, ૫૪૨ ચોરાકગ્રામ.
,, ૫૪૮ કલંબુકગ્રામ
,, ૫૫૬ લાટદેશ ( અનાર્ય દેશ ).
,, ૫૬૨ પૂર્ણકલશગ્રામ.
,, ૫૬૬ ભદ્દિલપુર ( પાંચમું ચોમાસું ).
,, ૫૬૭ કદલીસમાગમગ્રામ.
,, ૫૭૩ જંબૂખંડગ્રામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ દર્શન વંદન કરી, પાછા નિસરતાં દેવગુરૂને પુંઠ ન દેવી. પડખાના દ્વારેથી કે પાછે પગલે વિવેકસર બહાર નીકળવું.

૮ પુરૂષોએ પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ રહી, મર્યાદાસર દેવગુરૂની સેવા-ભકિત કરવી. દર્શન વંદન પૂજન પણ તેજ રીતે કરવા.

૯ શાણા સમજવાન વડીલને આગળ કરી, વિનય બહુમાન પૂર્વક વિધિયુકત શુદ્ધ દેવગુરૂને વંદન-પૂજન કરવું.

૧૦ આપણામાં દેવ-ગુરૂ જેવા ઉત્તમ ગુણો પ્રગટે એવા પવિત્ર લક્ષ્યથી તેમની સેવા ભકિત ભાવ-ઉલ્લાસ પૂર્વક કરવી.

૧૧ મદ વિષય-કષાય વિકથા અને આળસ એ પાંચે પ્રમાદ યત્નવડે તજવાથી જ નિજ શ્રેય સાધી શકાય છે.

૧૨ દેવગુરૂની સર્વ પ્રકારની આશાતના વર્જવી અને તેમની આજ્ઞાનો યથાશકિત આદર કરવો.

૧૩ એકનિષ્ઠાથી શુદ્ધ દેવ-ગુરૂની સેવા-ભકિત કરનારને કશી વાતની ન્યૂનતા રહેતી નથી.

૧૪ શુદ્ધ દેવ-ગુરૂની ભકિતમાં આત્માર્પણ કરવું. તન્મય થઈ જવું.

૧૫ શુદ્ધ ચિત્ત, વિત્ત અને પાત્રનો દુર્લભયોગ પામી, તેનો લાભ લઇ લેવા ચૂકવું નહિ.

૧૬ અવસરની કરણી અવસરે કરી લેવા કાળજી રાખવી

૧૭ જીવ રહિત જગોએ શુદ્ધ પરિમિત જળથી સ્નાનાદિ કરી શરીર નિર્જળ કરી ( લુહી ) શુદ્ધ વસ્ત્ર પહેરી મોરપીંછીવતી વાસી પુષ્પાદિ નિર્માલ્ય ઉતારી, જળ ચંદન બરાસ વિગેરે શુદ્ધ દ્રવ્યોવડે પ્રતિદિન પ્રેમપૂર્વક પ્રભુપૂજન કરવું.

૧૮ ભાઇઓએ ઉત્તરાસનનો છેડો અને બ્હેનોએ સુકોમળ રૂમાલ મુખ આગળ રાખી, પ્રભુસ્તુતિ કરવી.

૧૯ અષ્ટપટ ( આઠવડો ) મુખકોશ બાંધી મૌનપણે દેવગુરૂની પૂજા-સેવા આત્મલક્ષથી કરવી.

૨૦ પૂજા કરનારે પોતાના લલાટ, કંઠ, હૃદય અને નાભી ઉપર લક્ષપૂર્વક ચાર તિલક કરવાં.

૨૧ પ્રભુના જમણે અને ડાબે અંગુઠે, બન્ને ઢીંચણે, બે કાંડે, બે ખંભે, મસ્તકે, લલાટે, કંઠે, હૃદયે, અને નાભિ ઉપર અનુક્રમે તિલક નવ અંગ પૂજાના દુહામાં કહ્યા પ્રમાણે શાસ્ત્રોક્ત હેતુના વિચાર પૂર્વક કરવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨ પ્રથમ પ્રભુના મસ્તકથી માંડી સર્વાંગે ઉત્તમ બરાસ ચંદનવતી વિલેપન કરવું. ત્યારપછી યથાયોગ્ય ઉત્તમ પુષ્પાદિવડે પ્રભુપૂજા કરવી.

૨૩ ફુલ ( પુષ્પ ) ની માળા સોયવતી વીંધીને નહીં પણ વિવેકથી ગુંથી પ્રભુના કંઠે આરોપવી.

૨૪ સુગંધી પ્રફુલ્લિત, પાકાં અને શુદ્ધ ભાજનમાં આણેલાં, અખંડ થોડાં કે ઘણાં પુષ્પો જયણાયુક્ત ચડાવવાં.

૨૫ પૂજાની સઘળી સામગ્રી યથાશક્તિ મૂર્છા–મમતા ઉતારીને પોતાના ઘરની જ વાપરવી.

૨૫ દીપક પ્રભુની જમણી બાજુએ અને ધૂપ ઉખેવીને ડાબી બાજુએ જયણાથી રાખવો. આંગી પ્રમુખ પ્રસંગે પણ દીપક જયણાથી પ્રગટાવવા લક્ષ રાખવું.

૨૭ પૂર્વ કે ઉત્તર દિશા તરફ સ્વમુખ રાખી, દ્રવ્યપૂજાનો વિધિ સાચવી, પછી શાંતિથી મધુર સ્વરે ચૈત્યવંદનાદિ અર્થ આલંબનના લક્ષ સહિત કરવું.

૨૮ જિનમંદિર અને જિનપ્રતિમાની પ્રતિષ્ઠાદિક પ્રસંગે જૈનવિધિ મુજબ જરૂર લક્ષ રાખવું, જેથી સર્વ રીતે ય થવા પામે.

૨૯ પ્રભુ પ્રતિમાને પ્રભુતુલ્ય લેખવવી અને દેવગુરૂભક્તિનો યથાર્થ લાભ લેવો.

૩૦ દ્રવ્ય પૂજાદિક ધર્મકરણી, ભાવ પ્રગટાવવામાં શુભ નિમિત્તરૂપ કહી છે તે યાદ રાખવું.

૩૧ શાસ્ત્રાનુસારે યથાશકિત કરવામાં આવતી કરણી નિશ્ચે ફળદાયક થાય છે.

૩૨ ઉત્તમ વૈદ્યના કહેવા મુજબ વર્ત્તવાથી જેમ વ્યાધિનો સર્વથા અંત આવે છે તેમ શુદ્ધ દેવ–ગુરૂના એકાંત હિતવચનને અનુસરવાથી સર્વથા સંસારનો અંત કરી મોક્ષગતિ પામી શકાય છે.

૩૩ મનુષ્ય જન્માદિ અતિ દુર્લભ સામગ્રી પામીને, જન્મ મરણના અનંત દુઃખોનો સર્વથા અંત આવે એવી ઉત્તમ કરણી શુદ્ધ આત્મલક્ષથી સદાય કરવી–સહુ આત્માર્થી જનોએ તેમાં સતત ઉદ્યમ કરવો-( પ્રમાદ રહિત પુરૂષાર્થ સેવવો ઉચિત છે. ) ઇતિશમ્

લી૦ સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી
**કર્પુરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ થી શરૂ .

અનુ—વિ. મુ. શાહ.

રે મન ! ઇન્દ્રિયો અને વિષયોનો સંગ કરીને તારી જાતને બરબાદ ન કર. બસ, જે થયું તે થયું. હવે તો પરમાત્મ સ્વરૂપમાં એકાગ્ર થઇ જા. એજ તારૂં મૂળ સ્થાન છે. એજ તારૂં વાસ્તવિક વ્હાલું ઘર છે. જ્યારે ॐ નો જાપ કર ત્યારે એ વાત નિરંતર યાદ રાખજે. હવે અખંડાકાર વૃત્તિને જાગ્રત થવા દે, સ્વરૂપ જ તારૂં અસલ ઘર છે. હું એ વાત તને વારંવાર કહું છું, કેમકે તું વારંવાર તારા અસલ સ્વભાવને ભૂલી જાય છે. સ્વરૂપથી જ તેં જન્મ ગ્રહણ કર્યો છે. નિરંતર નિદિધ્યાસન, ધ્યાનાભ્યાસવડે તારા મૂળ સ્થાને ચાલ્યું જા. ત્યારેજ અવિદ્યા નષ્ટ થઇ જશે અને તું સર્વ પ્રકારના શોક તથા દુઃખથી મુકત થઇ જઇશ અને પરમાનન્દ અવસ્થા પ્રાપ્ત કરી લઇશ. જ્યારે સ્વરૂપાકાર વૃત્તિ જાગશે ત્યારે મનના તુચ્છ સંકલ્પ દૂર થઇ જશે, ત્યારે જ હે મન, તું જન્મ–મરણના બંધનથી છુટી જઇશ. પછી તું આ દોષમય ભૌતિક શરીરમાં પ્રવેશ નહિ કરે. તારે હાડકા તથા માંસથી સજ્જિત નહિ થવું પડે. તું તારા અધિષ્ટાન સત્ ચિત્ આનંદમાં લીન થઇ જઇશ.

નવિન સુંદર વિચારો દ્વારા નવિન સુંદર સંસ્કારોના બીજ રોપી શકાય છે. ખરાબ ભાવનાઓ કાઢવા માટે તમારે ઉપયોગી સુંદર ભાવનાઓ કરવી જોઇએ. પુરેપુરો પ્રયત્ન કરવાથી જુની આદતો, જુના ભાવો અને જુની વૃત્તિઓને બદલે નવી આદતો અને નવા વિચાર સંપૂર્ણ સ્થાન લઇ શકે છે. જરૂર તેમાં પૂર્ણ પરિશ્રમની આવશ્યકતા રહેલ છે. તે માટે હંમેશાં નવા સુંદર વિચારો કરતા રહેવાની જરૂર છે. આદત એક બીજી પ્રકૃતિ થઇ જાય છે. પરંતુ છેવટે વિજય તો શુદ્ધ, દ્રઢ અને અનિવાર્ય ઇચ્છા–શકિતનો જ થાય છે.

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रिय निग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

ધર્મના દશ લક્ષણ છે. ધૈર્ય ધારણ કરવું, ક્ષમા, મનનું દમન કરવું, ચોરી નહિ કરવી, અંદર અને બહારથી પવિત્ર રહેવું, ઇન્દ્રિયોને વશ રાખવી, શાસ્ત્રજ્ઞાન, આત્મજ્ઞાન, સત્ય બોલવું અને ક્રોધ નહિ કરવો. આંખો કેવળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇ શકે છે, કાન કેવળ સાંભળી શકે છે, જીહ્વા કેવળ સ્વાદ લઇ શકે છે, ત્વચા સ્પર્શ કરી શકે છે, નાક સુંઘી શકે છે પરંતુ મન જોવાનું, સાંભળવાનું, ચાખવાનું, સુંઘવાનું અને સ્પર્શ કરવાનું વિગેરે સઘળું કરી શકે છે. બધી ઇન્દ્રિયો મનની તરફ ઝુકેલી છે. યોગાભ્યાસ દ્વારા કેવળ મનવડે જોઇ તથા સાંભળી શકાય છે.

મનને પુરેપુરૂં કામમાં લગાડી રાખો. માનસિક અને શારીરિક બ્રહ્મચર્ય-માં સ્થિત થઇ શકાય છે. એનો કાર્યક્રમ આ પ્રમાણેઃ—રાતના દશ વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધી સુઇ જાઓ. સવારના ચાર વાગ્યાથી સાત વાગ્યા સુધી અને સાંજે સાત વાગ્યાથી દશ વાગ્યા સુધી છ કલાક ધ્યાન કરો. ચાર કલાક દરિદ્ર નારાયણ તથા રોગીઓની સેવામાં નિષ્કામ કર્મ કરો. બે કલાક ખુલ્લી હવામાં ફરો. વ્યાયામ કરો. એનાથી મન હમેશાં કર્મપરાયણ રહેશે.

શબ્દો નમ્ર હોવા જોઇએ અને તર્ક કઠિન હોવો જોઇએ. શબ્દ કઠિન હોય તો તેનાથી વિરોધ ઉત્પન્ન થાય છે. કેવળ એકજ કર્કશ શબ્દ વર્ષોની મિત્રતા એક ક્ષણવારમાં નષ્ટ કરી દે છે. શબ્દ અથવા ધ્વનિમાં અદ્ભુત શક્તિ રહેલી છે. બોલવા પહેલાં શબ્દો પસંદ કરવાનું ધ્યાનમાં રાખો. બોલવા પહેલાં ત્રણ વાર વિચાર કરો. વિચારો કે તમારા શબ્દોનો પ્રભાવ બીજાના મન ઉપર કેવો પડશે ? બે વર્ષ સુધી મૌન સાધન કરો. એ વાઙ્મય તપ છે.

કામનાથી મન તથા ઇંન્દ્રિયો ઉત્તેજીત થાય છે. જ્યારે કામ્ય વિષયોના ઉપભોગથી કામના શાન્ત થાય છે ત્યારે તૃપ્તિ મળે છે. જ્યારે કામના હોય છે ત્યારે વિષયમાં સુખ થાય છે. જ્યારે ભૂખ નથી હોતી ત્યારે સ્વાદિષ્ટ ભોજનથી પણ તમને કશું સુખ નથી મળતું. જ્યારે તરસ નથી હોતી ત્યારે સ્વચ્છ જળથી જરાય આનંદ નથી મળતો. એટલા માટે ભૂખ જ સૌથી સરસ વ્યંજન છે.

ઇન્દ્રિયો સંકુચિત થતાં જે વિષય થોડા સમય પહેલાં સુખદાયી હતા તેજ દુઃખદાયી બની જાય છે. ગરમદૂધનો પહેલો પ્યાલો સુખદ હોય છે, પરંતુ બીજો પ્યાલો અરૂચિ ઉત્પન્ન કરે છે. ભોગની સમાપ્તિ થતાં તૃપ્તિ આવે છે. તે વખતે ઇન્દ્રિયો સંકુચિત થઇ જાય છે. અમુક સમય માટે તેને શાંતિ થાય છે. તેથી જ્યારે બીજો પ્યાલો લેવામાં આવે છે ત્યારે ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. ખરી રીતે દૂધમા સુખ નથી. આત્મામાં જ સુખ છે. અવિદ્યાને લઇને દૂધમાં જે સુખ જણાય છે તે ભ્રાન્તિ સુખ છે. જો દુધમાં ખરૂં સુખ હોત તો તેનાથી હમેશાં સુખ જ થાત. પરંતુ એમ નથી.

મનમાં તૈજસનો નિવાસ છે. સ્વપ્નાવસ્થાથી સંયુક્ત ચેતનતા તૈજસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈજસ સૂક્ષ્મ જગતનું ભોકતા છે. મનમાં વિષયાકાર થવાની એક શકિત છે. તે શકિતદ્વારા તે બહિર્મુખ વૃત્તિ પ્રાપ્ત કરે છે. મન વિષયો તરફ ખેંચાય છે. નિરંતર સાધના દ્વારા મનને વિષયાકાર થતાં રોકવું જોઇએ. તેને તેના મૂળ સ્થાન તરફ આગળ વધારવું જોઇએ.

જ્યારે મનમાં કોઇ કામના ઉઠે ત્યારે હમેશાં વિવેકનું શરણ લ્યો. વિવેક તરતજ તમને બતાવી દેશે કે કામનાની સાથે દુઃખ રહે છે. એ મનનું વ્યર્થ પ્રલોભન છે. તે તમને કામનાનો તરત ત્યાગ કરવાની અનુમતિ આપશે. વારંવાર વિચાર કરો કે જે નવીન કામના તમારા મનમાં ઉઠે છે તે શું તમને વધારે સુખ, વધારે આધ્યાત્મિક લાભ આપે છે ? ઇચ્છા શકિતની સહાયતાથી વિવેક તમારૂં રક્ષણુ કરશે અને બળપૂર્વક કામનાને દૂર નસાડી દેશે. વિવેક તથા ઇચ્છાશકિત બે જરૂરી અસ્ત્રો છે જે વડે જ્ઞાનયોગનો સાધક પુરૂષ પોતાના માર્ગના સર્વ ન્હાના મોટા વિઘ્નો નષ્ટ કરી દે છે.

મન હમેશાં તમને જાત જાતના દ્રશ્યોનું અવલોકન કરવા લલચાવે છે. આ રીતે તમને લક્ષ્યથી હઠાવવાની મનની ચેષ્ટા નિરર્થક થાય છે. હમેશાં વિવેકથી કામ લ્યો. મનને પૂછો ' રે મૂર્ખ મન, શું મેં અનેક સ્થાન અને દ્રશ્ય નથી દેખ્યા ? બહારના દ્રશ્યો જોવામાં શું રહેલું છે ? અંદરના આત્મામાં વિશ્રામ કર. તું દરેક વસ્તુ તેમાં જોઇ શકે છે. એજ પૂર્ણ રૂપ છે. બહાર શું જોવા જાય છે ? શું બહાર સર્વત્ર એજ આકાશ, એજ ભૂમિ, એજ વિષય, એજ ભોગ, એજ વાતચીત, એજ તન્દ્રા, એજ નિન્દ્રા, એજ મળમૂત્ર અને એજ સ્મશાન ભૂમિ નથી ?

ખરાબ ભાવનાઓ તમે કેવી રીતે દૂર કરી શકો છો ? વિસ્મૃતિ દ્વારા. વિસ્મૃતિ કેવી રીતે થશે ? તેનો ફરી વિચાર નહિ કરવાથી. પુનઃ વિચારથી મનને કેવી રીતે રોકશો ? કોઇ વધારે સુખપ્રદ વિષયના ચિન્તન દ્વારા. 'ઉપેક્ષા કરો, ભૂલી જાઓ. કોઈ વધારે આકર્ષક વસ્તુનું ચિન્તન કરો ! એ એક મહાન્ સાધના છે. ધર્મશાસ્ત્રોના ઉચ્ચતમ ભાવોનું ચિન્તન કરો, સ્મરણ કરતા રહો. પોતાની મેળેજ તર્ક કરો, ચિન્તન કરો વિચાર કરો, ધ્યાન કરો. સાંસારિક ભાવ, શત્રુતા, ઇર્ષ્યા, દ્વેષ, ઘૃણા અને કામવાસનાના સર્વ ભાવો નષ્ટ થઇ જશે. યાદ રાખો કે ધ્યાતા ધ્યાનથી જુદી વસ્તુ છે. એનાથી તમને જણાશે કે તમે મનથી જુદી વસ્તુ છો. તમે સ્વસ્થ છો, કેવળ મનમાં ઉઠતા વિકારોના સાક્ષી છો.

તુચ્છ ભૌતિક પદાર્થોની અભિલાષા અને તેની પાછળ અહિંતહિં ભટકવાનું છોડી દેવાથી તમારૂં મન પર્વત જેવું અચળ થઇ જશે. જેનું મન અનાસકત થઇ જાય છે તેનાથી પુનર્જન્મ દૂર નાશી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે જ્ઞાનશાસ્ત્રના અભ્યાસથી, સત્સંગથી તથા નિરંતર ધ્યાનના અભ્યાસથી શુદ્ધ મન એકાગ્ર થઇ જશે ત્યારે તે મનુષ્યના મનમાં ઉચ્ચ જ્ઞાન અને દિવ્ય દ્રષ્ટિનો પ્રાદુર્ભાવ થશે.

જેવી રીતે પુષ્પ અને ફલ બીજમાં છુપાઈ રહેલ છે તેવી રીતે સત્વનો અંશ હમેશાં હૃદયમાં રહે છે. જીવન્મુકત અવસ્થામાં પણ કેવળ વૈકારિક મન નષ્ટ થાય છે. સાત્વિક મનનો નાશ નથી થતો.

યોગી પુરૂષ ભૌતિક શરીરથી સૂક્ષ્મ શરીરને જુદું કરીને સંસારના જુદા જુદા ભાગોમાં રમે છે અને પલવારમાં ઉંચામાં ઉંચા સ્થાને જઇને ફરી ભૌતિક શરીરમાં આવી જાય છે.

ધ્યાન માટે એક સારી રીતે સાધેલા મનની આવશ્યકતા છે, તે શાન્ત, શુદ્ધ, પવિત્ર, સૂક્ષ્મ, તીક્ષ્ણ, દ્રઢ અને એકાગ્ર હોવું જોઇએ. શુદ્ધ અને સૂક્ષ્મ બ્રહ્મની પ્રાપ્તિ તેવા મનથીજ થઇ શકે છે.

સ્વાભાવિક મૌન અને માનસિક દિગંબરતા જ આવશ્યક છે. શરીરને નગ્ન કરવાનું શું કામ છે? એ તો મૂર્ખોનું તામસિક તપ છે જે શાસ્ત્ર તથા તર્કથી વિરૂદ્ધ છે. જીવન્મુકત અથવા મુકતાત્માઓ જેવા જ્ઞાનની સાતમી ભૂમિકાએ પહોંચી જાય છે કે તરતજ દિગંબરતા આપોઆપ આવી જાય છે.

હરતાલના શોધનમાં ઘણો સમય લાગે છે. તેવી રીતે ચિત્ત શુદ્ધિ માટે પણ વધારે સમય ગાળવાની આવશ્યતા છે; કઠિન તપ કરવું પડશે. ચિત્તશુદ્ધિ યોગનું પ્રથમ પગથીયું છે. જ્યારે ચિત્ત શુદ્ધ થઇ જાય છે ત્યારે મુકિત તરફ તેની સ્વાભાવિક પ્રવૃત્તિ થઇ જાય છે.

પતિતપાવની ગંગા ગંગોત્રીમાંથી નીકળે છે અને નિરંતર ગંગા સાગર તરફ વહે છે. એવી રીતે વિચાર ધારા મનમાંથી નીકળે છે તથા જાગ્રત અને સ્વપ્નાવસ્થાના વિષયો તરફ નિરંતર વહ્યા કરે છે. આ મનરૂપી રહસ્યમય એંજીન એક ક્ષણના પણ વિશ્રામ વગર વિચારમાં જ મગ્ન રહે છે. સુષુપ્તિરૂપી વિશ્રામની ઇચ્છા તો ( સ્વપ્નાવસ્થામાં ) મગજ કરે છે, મન કદિ પણ નથી કરતું. એક યોગી પુરૂષ કે જેણે પોતાનું મન વશ કર્યું હોય છે તે હમેશાં જાગતો જ રહે છે. એતો ધ્યાનદ્વારા જ પૂર્ણ વિશ્રામ પામે છે. મન આત્મશકિત સિવાય બીજું કાંઇ નથી.

મન એક ઇન્દ્રિય છે જેમાં સંકલ્પ અને વેદના થાય છે. એને જરૂર નિયંત્રણમાં રાખવું જોઇએ. જીવ મનનો પ્રેરક નથી, કેમકે આપણે જોઇએ છીએ કે સાધારણ મનુષ્ય પોતાનું મન વશ નથી કરી શક્તો. તે રાગદ્વેષદ્વારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં તહિં ભટકયા કરે છે. તેથી જરૂર એવો કોઈ છે જે મનનો પ્રેરક છે. એ કોણ છે? તે મનસ્પતિ અંતર્યામી છે.

જો તમારા મનમાં વાસના ન હોય તો બહારના કોઈ પણ વિષય માટે ઉત્તેજના અથવા આકર્ષણ નહિ થઇ શકે. એ તો વાસના જ છે જે તમારી બધી વિપત્તિઓ તથા દુઃખોનું મૂળ કારણ છે. દૈવી સૃષ્ટિ તો કોઇને કષ્ટ નથી આપતી. જળ તમારી તરસ છીપાવે છે. મન્દ મન્દ પવન તમને સુખ આપે છે સૂર્ય તમને પ્રકાશ અને જીવન આપે છે. અગ્નિથી ગરમી મળે છે. મનુષ્યને બંધનમાં નાખનાર તો જીવસૃષ્ટિ જ છે. અહંકાર, દ્વેષ, અભિમાન અને રાગ એ સર્વ જીવસૃષ્ટિના અંતર્ગત છે. નિરંતર વિચાર અને ૐ ના વિચાર તથા અર્થયુકત ધ્યાનથી વાસના નિર્મૂળ થઇ જશે. સાત્વિક મનમાંથી નિરંતર તદ્દાકારવૃત્તિ ઉત્પન્ન થયા કરે છે. તે બલિષ્ટ વિષઘ્ન ઔષધિ છે. તેને તમારી પાસે સુરક્ષિત રાખો. જ્યારે અહંકાર, મિથ્યા હુંપણું તમારી ઉપર આક્રમણ કરે, તમને દબાવવા ઇચ્છે અને તમારો સર્વ નાશ કરવા ઇચ્છે ત્યારે તુરત એ ઔષધિનો પ્રયોગ કરજો.

સ્વાર્થકામનાથી મતિ ઢંકાઇ જાય છે. સ્વાર્થ જીવનના વિનાશનો હેતુ છે આત્મજિજ્ઞાસા માટે તીક્ષણ, સૂક્ષ્મ અને એકાગ્ર શુદ્ધ ચિત્તની જરૂર છે.

સુખમાં પણ મનમાં ક્ષોભ થાય છે. એ ફેલાય છે અને હૃદય તથા અંતરાત્માની તરફ આગળ વધે છે.

અભિમાન બીજાના પ્રત્યે પોતાની મહાનતાના વિચારથી થાય છે. એ નવ પ્રકારનું છે.

(૧) શારીરિક અભિમાન–વધારે શારીરિક બળ હોવાનું અભિમાન કરવું તે.

(૨) બુદ્ધિનું અભિમાન–વધારે સમજુ હોવાનું અભિમાન કરવું તે.

(૩) સદાચારનું અભિમાન–સુંદર–આચારવાન હોવાનું અભિમાન કરવું તે.

(૪) ચિત્તશકિતનું અભિમાન–મહાન સિદ્ધિઓ હોવાનું અભિમાન કરવું તે.

(૫) આધ્યાત્મિક અભિમાન.

(૬) કુલીનતાનું અભિમાન.

(૭) શકિત, ધન અને બીજી વસ્તુઓના અધિકારનું અભિમાન.

(૮) સુંદરતાનું અભિમાન.

(૯) રાજમદ–રાજા હોવાનું અભિમાન.

આ સર્વ પ્રકારના અભિમાન એકદમ નિર્મૂળ કરી દેવાં જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ (પંજાબ) ગુજરાનવાલા—**પંચમ વાર્ષિક વિવરણ.

હિંદની વીરક્ષેત્રભૂમિ ગુજરાનવાલા ( પંજાબ ) માં આ ગુરૂકુળની સ્થાપના જેમાં ગુરૂભકિતનો સમાવેશ થયેલ છે તેને આજે પાંચ વર્ષ થયા છે. તેના ઉદ્દેશ ( માનવજીવનને વ્યવહારિક, આધ્યાત્મિક અને સ્વાવલંબી બનાવવા ) પ્રમાણે તેના કાર્યવાહકો ખંતપૂર્વક કાર્ય કરી રહ્યા છે, આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીના સદ્‌ઉપદેશથી, પન્યાસજી લલિત-વિજયજી મહારાજના પ્રયત્નથી, ઉદાર નરરત્ન સ્વર્ગવાસી શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસની ઉદાર સહાયથી અને કાર્યવાહકોની સંપૂર્ણ લાગણીવડે આ સંસ્થા આદર્શ અને પગભર થતી જાય છે. આ દેશમાં આવી સંસ્થાની જરૂર પણ હતી. આ સંસ્થામાં ૮૦ વિદ્યાર્થીઓને હિન્દિ, સંસ્કૃત, ઇગ્લીશ અને ઉર્દુ ચાર ભાષામાં શિક્ષણ અપાય છે. સાથે જ્ઞાનમંદિર, પત્ર વગેરેની પણ યોજના છે. જૈનધર્માનુસાર નિયમોનું પાલન અને શિક્ષણ પણ સુંદર રીતે અપાય છે. વહીવટ અને હિસાબ ચોખવટવાળો અને વ્યવસ્થા યોગ્ય રીતે ચાલે છે. સર્વ જૈન બંધુઓને સહાય આપવા સૂચના છે.

---

**લેડી વિલિંગ્ડન અશકતાશ્રમ-સુરત—**તથા દવાખાનાનો સને ૧૯૩૦ ની સાલનો રિપોર્ટ તથા હિસાબ.

શુમારે વીશ વર્ષથી સુરત શહેરમાં દયાળુ પ્રજાજનો, વિદ્વાનો અને સંભાવિત ગૃહસ્થોની કમીટી દ્વારા આ સંસ્થાનો વહીવટ ચાલે છે. દયાળુજનોને અશકતજનોની આ સંસ્થા દ્વારા સેવા કરવા માટે આ એક તક છે. અશકતજનોની સેવા કરી કે આ ખાતાને પૈસાની સહાય આપી કે લાગણી ધરાવીને પણ તેમાં આવતા શકિતવિહીન મનુષ્યોનો આશિર્વાદ લેવાય છે. દરેક મનુષ્યે કોઇપણ પ્રસંગે આ ખાતાને સહાય આપવા ભૂલવાનું નથી. શિક્ષિતજનો અને ગૃહસ્થોની કમીટી દ્વારા વહીવટ ચાલતો હોવાથી

---

**દંભ આડંબર છે. એ એક પ્રકારની વ્યર્થ બનાવટ છે, વ્યર્થનું પ્રદર્શન છે. એ માનસિક વૃત્તિનું એક રૂપ છે. વસ્તુતઃ માણસ પાસે કશું પણ નહિ હોવા છતાં તે તેનાથી ફુલાયા કરે છે. અભિમાની મનુષ્યની પાસે તો કાંઇને કાંઇ હોય છે, પણ દંભીની પાસે કશું રહેતું નથી એજ એ એમાં ફેર છે. અભિમાન જ્યારે ખૂબ ચડી જાય છે ત્યારે તે દંભનું રૂપ ધારણ કરી લે છે.**

**ચાલુ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિસાબ અને વ્યવસ્થા યોગ્ય છે. દરેક મનુષ્યે કોઇ પણ પ્રકારે સહાય આપવી એમ ભલામણ કરીએ છીએ.

## ચર્ચાપત્ર.

સંવત ૧૯૮૮ ચૈત્ર શુદ ૧૩ મહાવીર જયંતિ સંબંધી ઉપરોક્ત વર્ષમાં ચૈત્ર શુદ ૧૨ સોમવાર છે તે દિવસ બારશ ૮ ઘડી ૨૬ પળ છે એટલે પછી તેરશ શરૂ થાય છે. ચૈત્ર શુદ ૧૩ મંગળવારે સવારના ૩ ઘડી ૪ પળ તેરશ છે અને પંચાંગમાં ચૌદશનો ક્ષય છે એટલે આપણા શુદ ૧૨ શુદ ૧૩ સાથે કરવાના, મંગળવારે ચૌદશ કરવાની, બુધવારે ચૈત્રી પૂર્ણિમા છે. હવે સોમવારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર કે જે પ્રભુનું જન્મનક્ષત્ર છે તે ૫૪ ઘડી ૩૬ પળ તે દિવસે છે જે પુરતું છે અને મંગળવારે હસ્તનક્ષત્ર આવે છે જેથી બારશને સોમવારે શ્રી મહાવીર જયંતિ ઉજવવી જોઇએ; એમ એક વિદ્વાન આચાર્ય મહારાજની સકળ જૈન સંઘને સૂચના છે.

## વર્તમાન સમાચાર.

### આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસુરીશ્વરજી મહારાજનાં જયંતી.

આસો શુદ ૧૦ ના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસતીથી હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી નવપદજી મહારાજની પૂજા ભાવના પૂર્વક ભણાવવામાં આવી હતી સાથે પરમાત્માની આંગી રચાવવામાં આવી હતી. બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

**ભાઈ અમરચંદ હરજીવનદાસનો સ્વર્ગવાસ**—ગયા ભાદરવા વદી ૧૧ ના રોજ મુંબઇ શહેર મધ્યે થોડા વખતના બિમારી ભોગવી શુમારે ૫૬ વર્ષની વયે બંધુ અમરચંદ હરજીવનદાસ પંચત્વ પામ્યા છે. ભાઇ અમરચંદ સ્વભાવે માયાળુ, ભોળા હૃદયના, દયાળુ પ્રકૃતિના, દેવ–ગુરૂ–ધર્મના ઉપાસક, મિલનસાર પ્રકૃતિના હતા. સ્વકમાઇથી લક્ષ્મી મેળવી પ્રસંગે પ્રસંગે સુકૃતમાં પૈસાનો સદ્વ્યય કરતા હતા. જ્યારથી શરીરસ્થિતિ બગડવા લાગી ત્યારથી ધંધામાંથી નિવૃત્ત થઇ અત્રે અને મુંબઇ રહેતા અને પ્રસંગે પ્રસંગે યથાશક્તિ પૈસાનો સદ્વ્યય કરતા હતા. આ સભાના લાઇફ મેમ્બર હોવા સાથે સંપૂર્ણ પ્રેમ ધરાવતા હતા જેથી પોતાના અને પોતાની સુપત્ની શ્રીમતી કસ્તુરબાઇના નામથી ગ્રંથમાળા પ્રકટ કરવા જ્ઞાનખાતાને સારી રકમ વડે સહાય આપી હતી. તેમના સ્વર્ગવાસથી સભાને એક ઉપયોગી સભાસદની ખોટ પડી છે. તેમના સુપત્ની શ્રીકસ્તુરબ્હેનને દિલાસો દેવા સાથે બંધુ અમરચંદભાઇના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને નવીન ગ્રંથોની ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો આવતા આસો માસની આખેરીએ અમારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે પોસ્ટખર્ચથી ભેટ મોકલવામાં આવશે.

૧ સુકૃતસાગર—પૃથ્વીકુમાર ચરિત્ર જૈન ઐતિહાસિક માંડવગઢના મહાન્ મંત્રીશ્વરની ગૌરવ-શાળી કથા-ચરિત્ર. ૧-૦-૦

૨ શ્રી પ્રભાવક ચરિત્ર—વર્ત્તમાનકાળના બાવીશ આચાર્યોના પ્રભાવશાળી ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકટ થયેલ ચરિત્રો. ૨-૮-૦

૩ શ્રી ધર્મપરીક્ષા—કેવા પ્રકારની પરિક્ષા કરી ધર્મ ગ્રહણ કરવા તેના વિવેચન અને તે ઉપર કથાઓ સહિત. ૧-૦-૦

ઉપરોક્ત ગ્રંથો તૈયાર થાય છે. જેથી ઉપરોક્ત મુદત પહેલાં મંગાવવાની કે તે માટે પત્ર લખવાની કોઇ સભાસદે તસ્દી ન લેવી.

## સુધારો.

ગયા શ્રાવણ માસના અંકમાં પાના બીજામાં **जिनेंद्रस्तव:** સાત શ્લોકમાં આપેલા છે જેમાં પ્રથમના ત્રણ શ્લોકો જિનેંદ્ર સ્તુતિના છે અને તે પછીના ચાર શ્લોકો બ્રહ્મચર્ય સંબંધીના છે જે ભૂલથી સાથે છપાયા છે જેથી છેવટના તે ચારે શ્લોકો ગયા વર્ષના પા. ૨૮૩ માં બ્રહ્મચર્ય મહાવ્રતમના જે ચાર શ્લોકો આપ્યા છે તેના અનુસંધાનમાં સમજવા.

## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત. |
|---|---|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦-૬-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા | | છ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૪-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી મહાવીર સ્વામી. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦-૮-૦ | શ્રી ગૌતમ સ્વામી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી | |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨-૮-૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | નવતત્ત્વના ૧૫૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |

મળવાનું સ્થળ, **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૭. આશ્વિન. આત્મ સં. ૩૬. અંક ૩ જો.

## સફળ મનુષ્ય કોણ ?

" જે મનુષ્ય સર્વ સંયોગોમાં પોતાથી બને તેટલું કરે છે,

જે પોતાની શકિતનો અને મળતી તકોનો સૌથી વિશેષ ઉપયોગ કરે છે,

જે બની શકે તેમ હોય ત્યારે ત્યારે પોતાના માનવ બંધુઓને સહાય કરે છે,

જે પ્રત્યેક પ્રસંગે પોતાની સંપૂર્ણ શકિતનો ઉપયોગ કરે છે,

જે પોતાના મિત્રો પ્રત્યે વફાદાર અને સાચો રહે છે,

જે સર્વ પ્રત્યે માયાળુ, ઉદાર અને વિશાળ હૃદયનો હોય છે,

તે મનુષ્ય કદાચ પોતાની અંત્યેષ્ટિ ક્રિયા જેટલા પણ પૈસા ન મૂકી જાય તો પણ તે સફળ મનુષ્ય છે. "

" સુખી જીવનનાં સાધન " માંથી

For Private And Personal Use Only